શ્રીજૈન શ્વે૦ મૂ૦ પૂ૦ બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું. Registered No. B. 876.

# बुद्धिप्रभा.

# BUDHI PRABHA.

( ધાર્મિક-સામાજીક-સાહિત્ય-નૈતિક વિષયોને ચર્ચતું માસિક. )

સંપાદક-મણીલાલ મોહનલાલ પાદરાકર.

पुस्तक ७ मुं. मे १९१५. वीर संवत २४४१. अंक २ जो.

## વિષયદર્શન.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
| --- | --- | --- |
| ૧. તમે શ્રાવક કહો કેવા. | (બુદ્ધિસાગર સૂરિજી.) ... ... | ... ૩૩ |
| ૨. શ્રી મહાવીર જયંતી. | (મ. ન. દોશી. બી. એ.) ... | ... ૩૫ |
| ૩. પંન્યાસ શ્રી સત્યવિજય | (નં. લ. વકીલ વડોદરા.) ... | ... ૪૧ |
| ૪. શ્રી જ્ઞાનદર્શન ચારિત્રનો સંવાદ. | (સંગ્રાહક મો. હે. વકીલ પાદરા.) | ... ૪૪ |
| ૫. જાપાનની આશ્ચર્યકારક ઉન્નતિ. | ... ... ... ... | ... ૪૫ |
| ૬. અનંત જીવન. ... ... | (શં. ડા. કાપડીઆ.)... ... | ... ૪૮ |
| ૭. અમારી નોંધ ... ... | ... ... ... ... | ... ૫૨ |
| ૮. સ્વિકાર અને અવલોકન. ... | ... ... ... ... | ... ૫૫ |
| ૯. પ્રેમઘેલા પ્રવાસીનું પવિત્ર જીવન. | ... ... ... ... | ... ૫૬ |
| ૧૦. આદર્શ રમણી ચરિત્ર. ... | (સૌ. નંદકુંવર.) ... ... | ... ૫૯ |
| ૧૧. સાહિત્ય સત્કાર. ... ... | ... ... ... ... | ... ૬૧ |
| ૧૨. બોર્ડીંગ પ્રકરણ. ... ... | ... ... ... ... | ... ૬૨ |
| ૧૩. ઇડરગઢના શ્રી બાવન જીનાલયના દેરાસરના જીર્ણોદ્ધાર માટે વિનંતિ. ... | | ... ૬૪ |


શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી

પ્રકાશક અને વ્યવસ્થાપક,

શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.

નાગોરીસરાહ-અમદાવાદ.

લવાજમ-વર્ષ એકનો રૂ. ૧-૪-૦ સ્થાનિક ૧-૦-૦ છુટક દર એક નકલના બે આના.

અમદાવાદ ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

## ચાંદીના તૈયાર દાગીના વેચનાર ભરૂસાદાર પેઢી.

અમારી દુકાને તદન નવિન ફેશનના દાગીના જેવા કે સાંકળાં, છેડા, કંદોરા, બટન વિગેરે તમામ જાતનાં હમેશાં તૈયાર મળશે.

અમારી દુકાનેથી ભરૂસાપર ખરીદેલા ચાંદીના દાગીના ગમે ત્યારે પાછા લાવો ત્યારે ફક્ત મજુરી કાપી ચાંદીના ચાલુ ભાવથી પાછા લેવામાં આવે છે.

સોનાના મન પસંદ અપટુડેટ ફેશનના દાગીના ઓર્ડરથી વાયદાસર બનાવી આપવામાં આવે છે. એક વાર કામ પાડી ખાત્રી કરો.

**શા. મુળચંદ દલીચંદ.**

**ચાંદીના દાગીના બનાવનાર તથા વેચનાર.**

**રતનપોળ—અમદાવાદ.**

તા. ક.—અમારે ત્યાં લગ્ન પ્રસંગે ખાસ ચાંદીના **રામણદીવા ભાડે અગર વેચાણ** આપવામાં આવે છે.

**સ્થાપન ૧૮૭૦ સન ૧૯૨૫.**

### જુનામાં જુની ( ૪૭ વરસની ) શાખા.

## જૈનધર્મનાં પુસ્તકો કીફાયત કિમ્મતથી વેચનાર.

અમારે ત્યાં મુંબાઈ, ભાવનગર તથા અત્રેનાં છાપેલાં દરેક જાતનાં જૈનધર્મનાં તથા સાર્વજનીક પુસ્તકો જૈનશાળા લાયબ્રેરીઓ વિગેરે દરેક સંસ્થાઓને ઘણીજ કિફાયત કિમ્મતથી વેચવામાં આવે છે. વધુ વિગત સારૂ અમારૂં મોટું ક્યાટલૉગ આવૃત્તિ છઠ્ઠી પૃષ્ઠ ૧૦૦નું અર્ધા આનાની ટીકીટ બીડી નીચેના શીરનામે મંગાવો.

**લી. બાલાભાઈ છગનલાલ શાહ.**

**પુસ્તકો વેચનાર તથા પ્રગટ કરનાર, ઠે. ફીકાભટની પોળ—અમદાવાદ.**

**લેખકોને વિજ્ઞપ્તિ:**—જે જે બંધુઓના લેખો આ વખતે માસિકમાં પ્રગટ કરવાને આવ્યા છે તેમાંથી કેટલાક સ્થળ સંકોચને લેઇને પ્રગટ કરી શકયા નથી પરંતુ તે સવડ પડતે દાખલ કરીશું. કોઇએ અપૂર્ણ લેખ મોકલવો નહિ.

**બુદ્ધિપ્રભાનો લાભ:**—અમુક સદ્‌ગૃહસ્થ તરફથી પૂજ્ય મુનિમહારાજાઓને તથા સાધ્વીજી મહારાજાઓને બુદ્ધિપ્રભાની ૧૫ નકલ પોતાના ખર્ચે મોકલવાનું સુચવેલ છે માટે જે જે મુનિમહારાજાઓ યા સાધ્વીજી મહારાજાઓને બુદ્ધિપ્રભા વાંચવાની ઇચ્છા હોય તેમણે અમારી ઑફીસે લખી જણાવવું.

**સુચના:**—આ અંકમાં જે સત્યવિજયજી પંન્યાસનો લેખ આવ્યો છે તેના લેખક મહાશય અમોને લખી જણાવે છે કે મને જે જે પંન્યાસજીના સંબંધમાં હકીકતો મળી તે તે એકત્ર કરી મેં ઉલ્લેખ કર્યો છે છતાં તેમાં કંઈ ઐતિહાસિક દૃષ્ટિએ કે જૈનશૈલીએ ચુક જણાય તો તે મહાશય જણાવી આભારી કરશે.

# बुद्धिप्रभा.

## ( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिषतकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं ' बुद्धिप्रभा ' मासिकम् ॥

વર્ષ ૭ મું.] તા. ૧૫ મે, સને ૧૯૧૫. [અંક ૨ જો.


## तमे श्रावक कहो केवा.

### કવ્વાલી.

સુણો ના સદ્‌ગુરૂ પાસે, જિનાગમને બહુ માને;
વિવેકે ના કરો કૃત્યો, તમે શ્રાવક કહો કેવા. ૧
નથી શાસનતણી ભક્તિ, નથી શ્રદ્ધા જિનાગમની;
નથી આચારની પરવા, તમે શ્રાવક કહો કેવા. ૨
નથી શ્રીસદ્‌ગુરૂ ભક્તિ, નથી શ્રીસદ્‌ગુરૂ શ્રદ્ધા;
નથી જિનધર્મની શ્રદ્ધા, તમે શ્રાવક કહો કેવા. ૩
બનીને દૃષ્ટિના રાગી, ત્યજી સાચું ગ્રહો જૂઠું;
રહો રાચી વિષયકામે, તમે શ્રાવક કહો કેવા. ૪
ધરાવ્યું નામ શ્રાવકનું, પરંપર કુળની રીતે;
ધરો ના સદ્‌ગુણો સાચા, તમે શ્રાવક કહો કેવા. ૫
કરો ના સાધુની સેવા, સ્વધર્મી પર નથી પ્રીતિ;
નથી સત્સંગની પ્રીતિ, તમે શ્રાવક કહો કેવા. ૬
નિહાળો પારકાં છિદ્રો, વદો છો સાધુના દોષો:
નથી નિજનું જરા જોતા, તમે શ્રાવક કહો કેવા. ૭
અદા કરતા નહિ ફર્જો, કથી જે સત્ય શ્રાવકની;
કરો પંચાત બીજાની, તમે શ્રાવક કહો કેવા. ૮
કર્યાવિણ પિંડ સુધારો, સુધારો અન્યનો કરવા;
થતા બહુ ડાહ્યલા ડોળે, તમે શ્રાવક કહો કેવા. ૯
વધે જૈનો અહો એવા, ઉપાયો યોજવા માટે;
જરા ના દાઝને ધરતા, તમે શ્રાવક કહો કેવા. ૧૦

પરસ્પરની કરી નિન્દા, પરસ્પરમાં ધરી ભેદો;
કરો છો વૈર ને ઝઘડા, તમે શ્રાવક કહો કેવા. ૧૧
ધરી નિજ સ્વાર્થની દૃષ્ટિ, ત્યજી પરમાર્થની દૃષ્ટિ;
પ્રમાણિકતા કરો દૂરે, તમે શ્રાવક કહો કેવા. ૧૨
સમર્પણના ભલા માટે, કરો જે જે મળ્યું સારૂં;
અહંતામાં રહો રાચી, તમે શ્રાવક કહો કેવા. ૧૩

હૃદયમાં જૈનશાસનની, જરા ના દાઝને ધરતા;
કરો ના સંઘની સેવા, તમે શ્રાવક કહો કેવા. ૧૪
વહો ના સદ્ગુરૂ આજ્ઞા, સદા નિજ શીર્ષપર ભાવે;
કરો સ્વાચ્છન્દ્યથી જ્યાં ત્યાં, તમે શ્રાવક કહો કેવા. ૧૫

નગુણા ને નગુરા થઇ, થતા નિજ સદ્ગુરૂ સ્હામા;
કર્યો ઉપકાર ના દેખો, તમે શ્રાવક કહો કેવા. ૧૬
પ્રતિજ્ઞા સદ્ગુરૂ પાસે, કરીને છંડતા મોહે;
હણો વિશ્વાસ ધારકને, તમે શ્રાવક કહો કેવા. ૧૭

સુધારો વા કુધારો શું, તમો ના જાણતા જ્ઞાને;
કરો જ્યાં જાઓ ત્યાં હાજી, તમે શ્રાવક કહો કેવા. ૧૮
પ્રભુ મહાવીર સિદ્ધાંતો, અરે ! ના જાણતા પૂરા;
કરો શંકા વિનાભ્યાસે, તમે શ્રાવક કહો કેવા. ૧૯

ગણો છો દ્રવ્ય સહુ સરખું, પરીક્ષા ના કરો પૂરી;
હૃદય ને કાનના કાચા, તમે શ્રાવક કહો કેવા. ૨૦
રહીને સદ્ગુરૂ પાસે, ગુરૂ પાસા નથી સેવ્યા;
ગ્રહી ના સદ્ગુરૂગમને, તમે શ્રાવક કહો કેવા. ૨૧

નમ્યા ના સદ્ગુરૂપાદે, મળ્યું સ્વાર્પણ કર્યું ના કાંઇ;
ભલા આશય નહિ સમજ્યા, તમે શ્રાવક કહો કેવા. ૨૨
વિચારો સાંકડા ગંદા, ગણો નિજદૃષ્ટિસમ સૃષ્ટિ;
ગુણાનુરાગમાં મીંડું, તમે શ્રાવક કહો કેવા. ૨૩
નયોની બહુ અપેક્ષાઓ, નથી કંઇ જાણતા જ્ઞાને;
કરો હઠવાદ જાણ્યાનો, તમે શ્રાવક કહો કેવા. ૨૪
રમો બાજી પ્રપંચોની, અનીતિમાં જીવન ગાળો;
ભણીને ભૂલ બહુ ખાતા, તમે શ્રાવક કહો કેવા. ૨૫

કરો આજીવિકા ધર્મે, દબાતા લાંચ લેઇને;
ખરૂં કહેતાં કરો ગુસ્સો, તમે શ્રાવક કહો કેવા. ૨૬
સદાચારો ધરી સાચા, બનો શ્રાવક અરે સાચા;
બુદ્ધ્યબ્ધિ સદ્ગુરૂશિક્ષા, કથી તે ધારશો ભાવે. ૨૭

# श्री महावीर जयन्ती*

**માનવંતા પ્રમુખ સાહેબ અને પ્રિય જૈન બંધુઓ !**

**वीरः सर्वसुरासुरेन्द्रमहितो वीरं बुधाः संश्रिता ।**
**वीरेणाभिहतः स्वकर्मनिचयो वीराय नित्यं नमः ॥**
**वीरात्तीर्थमिदं प्रवृत्तमतुलं वीरस्य घोरं तपः ।**
**वीरे श्री धृति कीर्ति कांति निचयः श्री वीरभद्रं दिशः ॥**
**एकान्तशान्ततोपेतमार्हतं व्रतमद्भुतम् ।**
**शृंगारादिरसांगारैः न दूनं देहिनां हितम् ॥**

આપણે બધા આજે બીજી વખતે આપણા પરમપૂજ્ય ભગવાન્ મહાવીર પ્રભુની જયન્તી ઉજવવાને અત્રે એકત્ર થયા છીએ. આજથી ૨૫૧૪ વર્ષ પર આ ભારતવર્ષમાં કુંડ ગામમાં તેમનો જન્મ થયો હતો. આપણને કેવળ ગુણો અસર કરે તેના કરતાં ગુણી પુરૂષોનાં ચરિત્રો વિશેષ અસર કરે છે, માટે ગુણી પુરૂષોના ગુણના ગીત ગાવા એ આપણું કર્તવ્ય છે. શ્રી જીનહર્ષ ગણિ ગુણાનુરાગ કુલકમાં કહે છે કેઃ—

**उत्तमगुणानुराओ निवसइ हिययंमि जस्स पुरिसस्स ।**
**आतित्थयरपयाओ न दुल्लहा तस्स रिद्धिओ ॥**

જે પુરૂષના હૃદયમાં ઉત્તમ ગુણાનુરાગ વસે છે તેને તીર્થંકર પદવી સુધીની એવી એક પણ પદવી નથી કે જે પ્રાપ્ત ન થાય. જો તીર્થંકર પદવી પણ ગુણાનુરાગથી પ્રાપ્ત થાય તો જગતમાં બીજી એવી કઈ સ્થિતિ છે કે જે આપણને પ્રાપ્ત ન થાય ! માટે ગુણની પ્રશંસા કરવી.

જ્યોર્જ ઇલીયટ લખે છે કે The first condition of goodness is to have something to love and the second is to have something to revere. સારા થવાની પ્રથમ નિશાની સત્પુરૂષો પ્રતિ પ્રેમ અને બીજી નિશાની તેમના પ્રતિનો ભક્તિભાવ છે.

જે પુરૂષોનો આપણા ઉપર ઉપકાર થયો હોય તેવા પુરૂષોના ગુણ ગાવા તે આપણી ફરજ છે. કૃતજ્ઞતા એ મોટામાં મોટો ગુણ છે. માટે આપણે **વીર**પ્રભુનો આપણા પર **થયેલા** ઉપકારનો આભાર દર્શાવવાને અત્રે કૃતજ્ઞ બુદ્ધિથી એકઠા થયા છીએ.

બંધુઓ ! આપણે અહીં એક અગત્યનો સવાલ વિચારવાનો છે. આ જયન્તી વર્ષમાં એકવાર ઉજવી આપણે બેસી રહેવાનું નથી. ઇંગ્લાંડમાં એક પ્રસિદ્ધ એડમીરલ—નૌકાસૈન્યનો અધિપતિ થઈ ગયો તેનું નામ લૉર્ડ **નેલસન** હતું. તે ટ્રફાલગરના મહાન્ યુદ્ધમાં **નેપોલી**-યનની સાથે દરિયાપર લડયો હતો. તે વખતે તેણે કહ્યું હતું કે England expects every man do his duty. ઇંગ્લાંડવાસી દરેકે પોતાની ફરજ બજાવવી જોઇએ. આ

* રા. રા. દોશી મણિલાલ નથુભાઈ બી. એ. એમણે અમદાવાદ જયન્તી વખતે આપેલું ભાષણ.

તેના શબ્દો દરેક ઇંગ્લાંડવાસી યાદ કરીને જ્યારે પોતાની ફરજ બજાવે છે, તે વખતે તે **નેલસનની** જયન્તી ઉજવે છે. તેજ રીતે જ્યારે જ્યારે તે વીર પ્રભુએ ઉપદેશેલા સત્ય સિદ્ધાંતોને અમલમાં મૂકીએ છીએ, ત્યારે ત્યારે આપણે તે પ્રભુની જયન્તી ઉજવીએ છીએ. પ્રભુ પ્રભુ કહી પ્રભુનું નામ પોકારનાર કરતાં પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલનાર પ્રભુનો વધારે સારો ભક્ત છે; કારણ કે **आणाए धम्मो—आज्ञया धर्मः** આજ્ઞા પ્રમાણે ચાલવું એ ધર્મ છે. માટે જે પ્રમાણમાં આપણે તે મહાન્ વ્યક્તિએ પ્રરૂપેલ વચનો પ્રમાણે આપણું જીવન ગાળીએ છીએ, તે પ્રમાણમાં આપણે તેમના ખરા અનુયાયીઓ છીએ.

બંધુઓ ! હવે આપણો તે મહાન્ પ્રભુના ચરિત્ર તરફ દૃષ્ટિ ફેરવીએ. તે કામ ઘણું કઠીન છે. કારણ કે જેનામાં મહત્ત્વ હોય તે બીજાનું મહત્ત્વ ઓળખી શકે. જેણે રસાયનશાસ્ત્ર ( chemistry )નો થોડો ઘણો પણ અભ્યાસ કર્યો હશે, તે રસાયનના ઉંચા પ્રયોગો સમજવાની સહેજ પણ શક્તિ ધરાવે. તેજ રીતે તે પ્રભુનું જીવનચરિત્ર વિચારવાને આપણે સઘળા એકઠા થયા છીએ, તેવા આપણામાં પણ તે પ્રભુના થોડા ઘણા પણ ગુણો હોય તોજ આપણે તેમના જીવનનો ખ્યાલ બાંધી શકીએ. આપણે ઘણીવાર અભિમાન, ઉચ્ચ પદવી, બુદ્ધિ વૈભવ અને લાગણીઓના વિલાસને વખાણીએ છીએ, પણ મહાન્ પુરૂષો હમેશાં નમ્ર, શાન્ત, કોમળ અને અદ્વેષી હોય છે. જો આપણા પર કોઈ ખોટો આરોપ મૂકે તો આપણે આપણો બચાવ કરવાને તૈયાર હોઇએ છીએ. આપણે ખરા છીએ અને બીજા ખોટા છે, તેમ સાબીત કરવાને પણ તૈયાર હોઇએ છીએ, જો કોઈ આપણા પર હાથ ઉગામે તો તેના સામે મુઠી ઉગામવાને આપણે એટલાજ આતુર છીએ, મૌનપણે બીજાએ કરેલું અપમાન સહન કરવું એને આપણે નામરદાઇનું લક્ષણ માનીએ છીએ. એવા આપણે આ જમાનાના લોકો તે મહાન્ પ્રભુની ભવ્યતા શી રીતે ઓળખી શકીએ કે જેમને સંગમદેવે અનેક પ્રકારના ઉપસર્ગ કર્યા છતાં જે શાન્ત રહ્યા, અદ્વેષી રહ્યા અને મનમાં ચિંતવવા લાગ્યા કે આ બિચારા જીવની શી ગતિ થશે ? જેમને ચંડકોશીઓ નાગ ડસ્યો છતાં જેમણે તેને બોધ આપી પૂર્વ ભવનું સ્મરણ કરાવ્યું. ઇંદ્રભૂતિ જેમને ઐંદ્રજાલિક કહેતો આવ્યો છતાં જેમણે તેને ખરા ભાવથી બોલાવી તેના મનનું સમાધાન કર્યું. આવા મહા પુરૂષની ભવ્યતા અને મહત્વની કદર બુજવાને આપણામાં કાંઇક અંશે ગુણો ખીલેલા હોવા જોઇએ. છતાં પણ જેમ ભક્તામરમાં કહ્યું છે તેમ,

**अल्पश्रुतं श्रुतवतां परिहासधाम ।**
**त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्मां ॥**
**यत्कोकिलः किल मधौ मधुरं विरौति ।**
**तच्चारुचाम्रकलिकानिकरैकहेतुः ॥**

આ સમયે ભક્તિથી જે બે બોલ હું કહેવા માગું છું, તે આપ શાન્ત ચિત્તથી શ્રવણ કરશો.

માતા પિતાની ભક્તિના સંબંધમાં રા. છોટાલાલ તમને કહી ગયા છે, માટે તે સંબંધમાં વિશેષ નહિ બોલતાં શાસ્ત્રમાં કહ્યું છે કે તેમના જન્મ વખતે ત્રણ લોકના જીવને આનંદ થાય છે, એ વાત આપણે વિચારીએ. પાણીમાં કાંકરો નાખીએ તો પાણીમાં કુંડાળા

વળે છે. એક કુંડાળું બીજા કુંડાળાને જન્મ આપે છે, એ રીતે છેક કિનારા સુધી કુંડાળા પહોંચે છે. તેજ પ્રમાણે મહાન્ પુરૂષોના શરીરમાંથી શાન્તિના પરમાણુઓ જગતમાં વ્યાપી રહેલી સૂક્ષ્મ પ્રકૃતિમાં જાય છે, તે બીજા પરમાણુઓને ધક્કો મારે છે. આ પ્રમાણે જેટલું બળ પ્રથમના પરમાણુઓમાં હોય છે તે પ્રમાણમાં તે બાજાઓમાં શાંતિ ફેલાવે છે. અને મહાન્ પ્રભુનું શાન્તિબળ ઉત્તમોત્તમ હોવાથી તેમનામાંથી નીકળતા શાંતિનું **વાતાવરણ** ચારે બાજુએ ત્રણ ભુવનમાં ફેલાય છે, અને જગતના તમામ જીવોને ક્ષણ વાર શાન્તિ આપે છે.

પોતે જ્ઞાની છતાં અભ્યાસ કરવાને ગુરૂને ઘેર ગયા. જે પ્રમાણે મહાન્ પુરૂષો વર્તે છે તે પ્રમાણે બીજાઓ આચરે છે. વિદ્યા મેળવવાના ત્રણ માર્ગ છે. ધન, વિદ્યા અને ગુરૂપાદ-શુશ્રૂષા. ત્રીજો માર્ગ સૌથી ઉત્તમ છે અને આર્યાવર્તમાં પ્રથમ તેજ માર્ગ પ્રચલિત હતો ત્યારે હિંદુસ્થાનની ભવ્યતા કાંઇક ઓરજ હતી. શિક્ષણ મફત આપવામાં આવતું હતું, અને વિદ્યાર્થીઓ પણ ગુરૂની ખરા હૃદયથી ભક્તિ કરતા હતા. કહ્યું છે કે, **विनयन गुरोस्तोषः सम्यग्ज्ञानं ततो भवेत्**-વિનયથી ગુરૂ સંતુષ્ટ થાય છે, અને તેથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ખેદની વાત છે કે આપણે આ બાબતમાં તદ્દન જૂદીજ શૈલી ગ્રહણ કરી છે, પણ તેમાં પણ ગુરૂકુળો જેવી સંસ્થાઓ હજુ પ્રાચીન હિંદુસ્થાનની પદ્ધતિનો આપણને કાંઇક ખ્યાલ આપે છે. જૈનોમાં પણ તેવાં ગુરૂકુળો સ્થપાવાની જરૂર છે.

બોર્ડીંગો એ એક પ્રકારનાં ગુરૂકુળો છે. ત્યાં અન્નદાન, વિદ્યાદાન અને ધાર્મિક જ્ઞાન-દાન અપાય છે. માટે તેવી સંસ્થાઓને ખાસ મદદની જરૂર છે. આપણી જૈનોની ભરવસ્તી-વાળા શહેરમાં અત્રેની બોર્ડીંગને નાણાંની તંગી ભોગવવી પડે એ ખરેખર ખેદ ઉપજાવ-નારૂં છે, માટે હે બંધુઓ ! હું આપ સર્વને વિનંતિ કરૂં છું કે આપ દરેકે પોતાનાથી બનતી મદદ બોર્ડીંગને કરવી.

શ્રી મહાવીર પ્રભુનો મોટો ગુણ એ હતો કે જે બાબતનો પોતે ઉપદેશ આપતા હતા તે દરેક બાબત તેમના જીવનમાં આપણે આચરેલી જોઇએ છીએ. દાન પોતે જાતે એક વર્ષ સુધી આપ્યાંજ કર્યું અને જગતને બોધ આપ્યો કે દાન આપો. પોતે ધનનું દાન કર્યું, અને જ્ઞાન મળ્યું ત્યારે આત્મજ્ઞાનનું દાન કર્યું, માટે દાન એ જૈન ધર્મનો ઉમદા સિદ્ધાંત છે. Inaction in an act of mercy is an act in a deadly sin દયાના કામમાં છતી શક્તિએ ભાગ ન લેવો તે નિર્દયતાના કામમાં ભાગ લીધા બરાબર છે. ઉપદેશ આપ-વાને પોતે જૂદા જૂદા સ્થળમાં વિચર્યા. અનાર્ય દેશમાં જ્યાં વિશેષ ઉપદ્રવ થવાનો સંભવ હતો, ત્યાં પણ તે ગયા. કારણ કે તેમની ભાવના એ હતી કે સર્વ પ્રાણી આ સત્યમાર્ગ જાણી દુઃખથી બચે. લોકો અંતરંગ શત્રુથી જીતાયેલા છે માટે તે અંતરંગ શત્રુઓનો જીતવાનો ઉપાય બતાવવો કે જેથી તેઓ સુખી થઈ શકે. તેમણે જે બોધ આપ્યો તેનો સૂત્રકૃતાંગમાં એક વાક્યમાં સમાવેશ કર્યો છે. કોઇપણ જીવને-પ્રાણીને ઇજા નહિ કરીને મનુષ્ય શાંતિરૂપ નિર્વાણ પ્રાપ્ત કરે છે. સર્વ જીવતાં પ્રાણી પ્રતિ પ્રેમ દર્શાવવો એજ એમનો મુખ્ય સિદ્ધાંત હતો. પ્રેમ-દયા, મનુષ્ય અને મનુષ્ય વચ્ચે પ્રેમ, મનુષ્ય અને પ્રાણી વચ્ચે પ્રેમ, મનુષ્ય અને વનસ્પતિ વચ્ચે પ્રેમ-સર્વત્ર પ્રેમ-પ્રેમ અને પ્રેમ એજ તેમની ઉચ્ચ ભાવના હતી.

આ કારણથીજ તેમણે તે વખતમાં પ્રચલિત યજ્ઞો કે જેમાં પશુ હિંસા થતી હતી તેની સામે સખ્ત વિરોધ પ્રદર્શિત કર્યો. તેમણે જણાવ્યું કે " જે જીંદગી આપવાની તમારામાં તાકાત નથી તે લેઇ લેવાનો તમને શો હક્ક છે ? પશુઓ પણ તમારા નાના બંધુઓ છે."

આ સંબંધમાં આચારાંગ સૂત્રના શબ્દોમાં કહી એ તો " જ્યારે મને કોઇ લાકડાથી, ધનુષ્યથી, મુઠીથી, માટીના ઢેફાથી અથવા ઠીકરાથી ઠોકે અથવા ઘા કરે અથવા ધમકી આપે, મારે, ઇજા કરે અથવા મારી નાંખે, ત્યારે મને જેમ દુઃખ થાય છે. અને જેમ મૃત્યુથી માંડીને તે છેક વાળ ચુંટવા સુધી મને દુઃખ અને વેદના થાય છે; **તેજ રીતે** ખાત્રી રાખો કે જ્યારે જીવતાં પ્રાણી પ્રત્યે ખરાબ રીતે વર્તન કરવામાં આવે છે, ત્યારે સઘળા પ્રકારનાં પ્રાણી મારી પેઠે દુઃખ અને વેદના ભોગવે છે. આ કારણને લીધે કોઇ પણ પ્રકારનાં જીવતાં પ્રાણીને મારવાં નહિ. તેમની પ્રતિ ક્રુરતા વાપરવી નહિ, તેમનો દુરૂપયોગ કરવો નહિ, તેમને ઇજા કરવી નહિ, અને તેમનો વધ કરવો નહિ. હું કહું છું કે ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળના અર્હન્તો અને ભગવંતો આ પ્રમાણે કહે છે. આ પ્રમાણે બોલે છે, આ પ્રમાણે જાહેર કરે છે, અને આ પ્રમાણે ઉપદેશ કરે છે કે, સઘળા પ્રકારના જીવતા પ્રાણીનો વધ કરવો નહિ અથવા તેમની પ્રતિ ક્રૂરતા વાપરવી નહિ, તેમનો દુરૂપયોગ કરવો નહિ, તેમને હેરાન કરવા નહિ, અથવા તેમને હાંકી મૂકવા નહિ. સર્વ વસ્તુના રહસ્યને જાણનારા સુજ્ઞ પુરૂષોએ આવો નિત્ય શાશ્વત, સનાતન સત્ય નિયમ શિખવ્યો છે." આ સંબંધમાં પુનાના પ્રખ્યાત દેશભક્ત બાલગંગાધર તીલકે વડોદ્રા ખાતે મળેલી જૈન કોન્ફરન્સ વખતે જણાવ્યું કે " જૈન ધર્મ અને વેદ ધર્મ એ બન્ને ધર્મ જો કે પ્રાચીન છે, પરન્તુ અહિંસા ધર્મનો મુખ્ય પ્રણેતા જૈન ધર્મ છે. જૈન ધર્મે પોતાની પ્રબળતાથી વૈદિક ધર્મ ઉપર અહિંસા ધર્મની ન ભુંસાય એવી ઉત્તમ છાપ મારી છે. વૈદિક ધર્મમાં અહિંસાને જે સ્થાન મળ્યું છે, તે જૈનીઓના સંસર્ગને લીધેજ છે. અહિંસા ધર્મના સંપૂર્ણ શ્રેયના હક્કદાર જૈનીઓ છે. અઢી હજાર વર્ષ પહેલાં વેદ વિધાયક યજ્ઞોમાં હજારો પશુઓનો વધ થતો હતો. પરંતુ ૨૪૦૦ વર્ષ પહેલાં જૈનોના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ જ્યારે જૈન ધર્મનો પુનરૂદ્ધાર કર્યો ત્યારે તેમના ઉપદેશથી લોકોનાં ચિત્ત તે અઘોર નિર્દય કર્મથી વિરક્ત થવા લાગ્યાં અને ધીમે ધીમે લોકોના ચિત્તમાં અહિંસાએ પોતાનો અધિકાર સ્થાપન કર્યો. આ સમયમાં વિચારશીલ વૈદિક વિદ્વાનોએ ધર્મની રક્ષાને લીધે પશુ હિંસા સર્વથા બંધ કરી અને પોતાના ધર્મમાં અહિંસાને આદરપૂર્વક સ્થાન આપ્યું."

દયા બતાવવાને બીજો માર્ગ તેમણે એ બતાવ્યો કે કોઇએ માંસ ખાવું નહિ અથવા પશુના વધથી ઉત્પન્ન થતી વસ્તુઓનો ઉપયોગ કરવો નહિ. કેવળ શરીરથીજ આ પ્રમાણે વર્તવું એ બસ નથી. તેમણે મનથી પણ તે પ્રમાણે વર્તવાને બતાવ્યું, અને તે વાસ્તે ચાર ભાવનાઓ શિખવી. આ ચાર ભાવનાઓ કેવળ જૈનો માટે નથી, પણ આખા વિશ્વ માટે છે, અને જો એ ચાર ભાવના પ્રમાણે જગતના જીવો વર્તે તો હે બંધુઓ! મારી ખાત્રી છે કે આ પૃથ્વી તે સ્વર્ગ સમાન થઇ જાય.

આ ચાર ભાવનાઓ તે કયી?

પ્રમોદ, મૈત્રી, કરૂણા અને માધ્યસ્થ.

પ્રમોદ—વિશેષ ગુણીજનને જોઇ થતો આનંદ.

મૈત્રી—આપણા સમાન ગુણવાળા સાથે પ્રેમ.

કરૂણા—આપણાથી ઓછા જ્ઞાન ગુણવાળા મનુષ્યો તથા પશુવર્ગ પ્રત્યે દયા.

માધ્યસ્થ—જે લોકો સત્યમાર્ગ સમજાવવા છતાં પણ સમજી ન શકતા હોય, અને તેની નિંદા કરતા હોય તેવા પ્રત્યે મધ્યસ્થવૃત્તિ અથવા ઉપેક્ષા.

આ ચાર ભાવનાઓ જમીન શુદ્ધ કરે છે. હૃદયને પવિત્ર બનાવે છે, જેમાં ધર્મના ઉચ્ચ સિદ્ધાંતો સ્થિર થઇ શકે. માટે હૃદયને નિર્મળ બનાવનારી આ ભાવનાઓને વારંવાર વિચારવી અને તે હૃદયમાં રાખી વર્તવું. આ પ્રમાણે વર્તવાથી તમે જ્યાં જશો ત્યાં શાંતિનાજ વિચારો ફેલાવી શકશો, અને તમે જૈનના નામની ખરી પ્રભાવના કરશો.

આપણે એક લંગડા કુતરાને ઉપડાવી પાંજરાપોળમાં મોકલાવીએ છીએ, પણ આપણા અજ્ઞાન અને પાપી બંધુઓ તરફ તિરસ્કાર કરીએ છીએ. બંધુઓ ! તેઓ નીતિની અપેક્ષાએ લંગડા છે. માટે તેમની બીજી રીતે સારવાર કરવાની અપેક્ષા છે, એમ આપણી આ ભાવનાઓ શિખવે છે. જેમ મનુષ્ય વિશેષ અજ્ઞાની તેમ તે વિશેષ દયાને પાત્ર છે.

બંધુઓ ! આપણો ધર્મ ક્ષત્રિયોનો-જીતનારનો છે-પુરૂષાર્થનો છે. ઘણા લોકો આપણને કહે છે કે તમે તો કર્મને માનવાવાળા છો. તમારે તો જે નશીબમાં લખ્યું હશે તે થવાનું છે. આવું કહી આપણો ઉપહાસ કરે છે, અને આપણે આપણા પોતાના ધર્મના સિદ્ધાંતો બરાબર નહિ સમજતા હોવાથી મૌન ધારણ કરીએ છીએ. તેવું કહેનારને આપણે બેધડક જણાવવું જોઇએ કે હા ભાઇ ! અમે કર્મના સિદ્ધાંતને માનનારા છીએ, પણ જે અર્થમાં તું કહે છે તે અર્થમાં નહિ. અમારો કર્મનો સિદ્ધાંત અમને આળસુ થવાને કહેતો નથી. જો કે અમારી હાલની સ્થિતિ અમારા ભૂતકાળના વિચારો, વચનો અને કાર્યો પર આધાર રાખે છે, છતાં ભવિષ્ય અમારા હાથમાં છે. આ સંબંધમાં બંધુઓ ! હું તમને એક દૃષ્ટાન્ત આપીને સિદ્ધ કરીશ કે જૈનો પુરૂષાર્થને માનનાર છે. જૈનો કેવળ કર્મને નહિ પણ ઉદ્યોગ અને નિયતી (ભવિતવ્યતા) બન્નેને માને છે.

કુંડકોલીય નામે એક મહાવીર સ્વામીનો ઉપાસક હતો. તે એક વાર મધ્યાહ્નને અશોક વૃક્ષની છાયામાં બેઠો હતો. તેની પરીક્ષા કરવાને એક દેવે આવી કહ્યું: " હે ભાઇ કુંડકોલીય ! ગોશાળાનો એવો સિદ્ધાન્ત છે કે પુરૂષાર્થ-ઉદ્યોગ જેવું કાંઇ નથી. બનવાનું હોય તે બને છે. એ સિદ્ધાન્ત મને વાજબી લાગે છે. શ્રમણ ભગવાન્ મહાવીર એમ જણાવે છે કે પુરૂષાર્થ-ઉદ્યોગ જેવું કાંઈ છે, અને સર્વ પદાર્થો કેવળ ભાવીથી નક્કી થઇ ચૂકેલા છે, એમ નથી. આ સિદ્ધાંત મને ખોટો લાગે છે. "

કુંડકોલીયે જવાબ આપ્યો: "જો ઉદ્યોગ જેવું કાંઇ નથી, અને સર્વ બાબતો ભાવીથી નક્કી થઇ ચૂકી છે તો તમે આ દેવપણું શી રીતે પ્રાપ્ત કર્યું એ જણાવો ?"

દેવે જવાબ આપ્યો: " એમનું એમ. "

કુંડકોલીયે જવાબ આપ્યો: " જગતમાં અસંખ્ય જીવો છે તેઓ કેમ એમ ને એમ દેવપણું પ્રાપ્ત કરતા નથી ? તમે ઉદ્યોગ કર્યો તો આ પદ મળ્યું, માટે ઉદ્યોગ એ ખરી બાબત છે. "

આ ઉપરથી તે દેવ તેની દૃઢવૃત્તિ જોઇ પ્રસન્ન થઇ ચાલ્યો ગયો. આ ટુંક દૃષ્ટાન્ત આપણને જણાવે છે કે પુરૂષાર્થ કરવો જોઇએ. મહાવીર પ્રભુ પુરૂષાર્થ કરવાથીજ આ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરી શક્યા. આપણામાં પણ તેમના જેવોજ આત્મા રહેલો છે, માટે આપણે પણ તેમને પગલે ચાલી પુરૂષાર્થ કરીશું તો કાળક્રમમાં તેમણે મેળવેલી સ્થિતિ મેળવવા ભાગ્યશાળી થઇશું.

તેમણે મોટામાં મોટો સિદ્ધાંત જે પ્રરૂપ્યો તે સ્યાદ્વાદનો સિદ્ધાંત છે. આ સિદ્ધાંતને અનેકાંતવાદ અથવા અપેક્ષાવાદ પણ કહે છે. લોકો સમજતા નથી, અને તેથી આ વિચાર

પદ્ધતિને અનિશ્ચિત મત કહે છે, પણ ખરી રીતે તેમ નથી. વાડીલાલ મોહનલાલનો પિતા થાય અને તેનો તે વાડીલાલ ચુનીલાલનો પુત્ર થાય. એટલે વાડીલાલ પિતા અને પુત્ર બન્ને છે. પણ તે એકજ મનુષ્યનો નહિ એ સમજવાનું છે. રેતી ભારે તેમજ હલકી છે, એમ જૈનો કહે છે, પણ તે અપેક્ષાએ. લોટની અપેક્ષાએ રેતી ભારે છે, પણ સીસાની અપેક્ષાએ રેતી હલકી છે. આ પ્રમાણે સ્યાદ્વાદ મત આપણને જણાવે છે કે દરેક વસ્તુને જૂદી જૂદી અપેક્ષાઓથી વિચારો અને જ્યારે બધી અપેક્ષાઓ બરાબર ધ્યાનમાં આવશે ત્યારે વસ્તુનું ખરૂં જ્ઞાન પ્રાપ્ત કરી શકાશે. શ્રીમદ્ આનંદઘનજી યથાર્થ કહે છે કે:—

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો,
વચન સાપેક્ષ વ્યવહાર સાચો;
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારરૂપ,
સાંભળી આદરી કાંઇ રાચો.

ખરી રીતે સ્યાદ્વાદ મતને સમજનાર કોઇની સાથે તકરાર કરતો નથી. પણ સર્વની અપેક્ષા સમજે છે. કહ્યું છે કે He who knows all forgives all જે સર્વ જાણે છે, તે સર્વને ક્ષમા આપી શકે છે તેવો મનુષ્ય બીજાના વિચારમાં સત્ય ક્યાં રહ્યું છે તે જોઇ શકે છે, અને તે સત્યની પ્રશંસા કરે છે, અને પછી શાસ્ત્રની બીજી બાજુઓ દર્શાવી તે વિચારમાં રહેલી ન્યૂનતા પૂરી પાડે છે.

હાલમાં સ્યાદ્વાદ મતના ઉપાસકો માંહોમાંહે ઘણીવાર લડી મરતા જોવામાં આવે છે. એ ખરેખર ખેદની વાત છે.

બંધુઓ ! સમય પુષ્કળ થએલો હોવાથી મારે બીજા ઘણા મુદ્દાઓ જણાવવાના હતાં. તે નહિ જણાવતાં આ સ્યાદ્વાદની મહત્વતા બતાવનાર એકજ દૃષ્ટાન્ત આપી મારૂં બોલવું બંધ કરીશ.

એક સમયે પાર્શ્વનાથ પ્રભુના એક પરંપરા શિષ્ય કેશીગણધર શ્રાવસ્તીનગરીના બહારના ઉદ્યાનમાં આવી પહોંચ્યા, ત્યાં થોડા સમય પછી મહાવીર પ્રભુના મુખ્ય શિષ્ય ગૌતમ સ્વામી પણ આવી પહોંચ્યા. હવે પાર્શ્વનાથ પ્રભુએ ચાર વ્રત ઉપદેસ્યાં હતાં, અને મહાવીર પ્રભુએ પાંચ વ્રતનો બોધ કર્યો હતો. બન્ને તીર્થંકરોના શિષ્યોના મનમાં વિચાર થયો કે આમાં સત્ય શું છે? માટે ચાલો એકબીજાને મળી સંવાદ કરી નિર્ણય કરીએ. ગૌતમ સ્વામીએ વિચાર કર્યો કે કેશીગણધર આગળના તીર્થંકરના શિષ્ય હોવાથી કુળમાં જ્યેષ્ઠ ગણાય, તેથી મારે એમની પાસે જવું જોઇએ. ગૌતમ સ્વામીએ વિચાર કર્યો કે ગૌતમ મારા કરતાં મોટી ઉમરના છે, માટે મારે એમની પાસે જવું જોઇએ. બન્ને સામસામા ગયા, અને એકબીજાને હૃદયના ભાવથી મળ્યા. કેશીગણધરે પૂછ્યું: "અમારા ગુરૂએ અમને ચાર વ્રત શિખવ્યાં છે, અને તમે પાંચ માનો છો, તો તેમાં ભેદ શાથી ?"

ગૌતમ સ્વામીએ જવાબમાં કહ્યું: ૨૨ તીર્થંકરના સાધુ ઋજુ અને બુદ્ધિમાન્ હોવાથી અપરિગ્રહમાં સ્ત્રી તથા ધન, ધાન્ય, રૂપું, સુવર્ણ આદિ માલમત્તાનો સમાવેશ થઇ જાય એમ સમજી શકતા હતા. માટે બ્રહ્મચર્ય અને અપરિગ્રહને જૂદાં ગણવામાં ન આવ્યાં, પણ છેલ્લા તીર્થંકરના સાધુઓ વક્ર તથા જડ હોવાથી આ બાબતમાં ભૂલ થવાનો સંભવ છે, માટે મહાવીર પ્રભુએ દેશ, કાળ આદિ વિચારી પાંચ મહાવ્રતનો ઉપદેશ કર્યો છે.

કેશીગણધર આ વચનો સાંભળી પ્રસન્ન ચિત્તથી બોલ્યાઃ " હે ગૌતમ સ્વામી ! તમે ખરેખર જ્ઞાની છો, મારો સંશય ટળી ગયો છે અને આપણે બધા એકજ છીએ."

આનું નામજ સંવાદ. સાથે મળી વિચાર કરી સત્ય શોધવું તે આનું નામજ.

બંધુઓ ! છેવટમાં એટલુંજ જણાવવાને રજા લઈશ કે મેં પ્રથમ જણાવ્યું તેમ આપણે મહાવીર પ્રભુને પગલે ચાલવાને પુરૂષાર્થ કરવો જોઇએ. જો કે તેમનામાં આત્માની બધી શક્તિઓ પ્રકટ થઈ છે, આપણામાં તે અવ્યક્ત છે, માટે સ્વરૂપે આપણામાં સમાન આત્મતત્ત્વ છે, તેથી જે કામને કરી શક્યા તે આપણે પણ કરવાને સુપુરૂષાર્થ કરીશું તો ભાગ્યશાળી થઇશું માટે આળસુ બેસી ન રહેતાં તેમના જીવનના પ્રસંગો વિચારી તે પ્રમાણે વર્તવાને કમરબંધ થાઓ. તેમને માર્ગે ચાલવું એજ તેમની ખરી જયન્તી છે, અને એવી જયન્તી આપણે દરરોજ ઉજવવી જોઇએ, અને વર્ષમાં ભેગા મળીને આપણે બધાએ તેમના ગુણોનું કીર્તન કરી શુદ્ધ માર્ગે ચાલવાને પ્રોત્સાહન મેળવવું જોઇએ.

## पंन्यास श्री सत्यविजय.

( અનુસંધાન ગતાંક પાને ૮ થી. )

ક્રિયા ઉદ્ધાર કરવામાં તેમના સમકાલીન શ્રી જશવિજય ઉપાધ્યાય તેમની મદદમાં હતા. શ્રી વિજયસિંહ સૂરિશ્વરના ઘણા શિષ્ય પરિવારમાં સતર શિષ્ય સ્વરસતી બિરૂદધારી હતા, તેમાં સૌથી મુખ્ય પંન્યાસજી મહારાજ હતા.

શ્રી આનંદઘનજી મહારાજ સાથે બહુ વર્ષો સુધી તેઓશ્રી વનવાસમાં રહ્યા હતા, એમ જૈન તત્વાદર્શ ગ્રંથમાં શ્રી આત્મારામજી મહારાજે જણાવ્યું છે.

ઉપાધ્યાયજીના ચરિત્ર ઉપરથી ઘણી ઘણી વાતો જાણવાની અને બોધ લેવાની મળે છે.

એમના જન્મની સાલ તેમજ દીક્ષાની સાલ નિશ્ચિત જણાતી નથી પણ ૮૨ વર્ષની ઉમરે સંવત ૧૭૫૬ માં સ્વર્ગગમન કર્યું, તે હિસાબે એમનો જન્મ સંવત ૧૬૭૪ ઇ૦ સન ૧૬૧૮ માં થએલો હોવો જોઇએ. અને ૧૪ વર્ષની ઉમરે સંવત ૧૬૮૮ ઇ૦ સન ૧૬૩૨ ની સાલમાં તેમણે દિક્ષા લીધેલી હોવી જોઇએ.

સંવત ૧૭૨૯ ની સાલમાં તેમને પંન્યાસ પદવી આપવામાં આવી તે વખતે તેમની ઉમર વર્ષ ૫૫ ની હોવી જોઇએ અને તેમનો દિક્ષા પર્યાય ૪૧ વર્ષનો થએલો હોવો જોઇએ એમ માલુમ પડે છે. કુલ દિક્ષાપર્યાય વર્ષ ૬૮ પાળી તેમણે સ્વર્ગગમન કરેલું છે.

એમના માતાપિતાએ લુંકાગચ્છમાં દિક્ષા લેવાને આગ્રહ કર્યો તેથી તેઓ તે ગચ્છના હતા એમ અનુમાન થાય છે. પણ ૧૪ વર્ષની ઉમરમાં શિવરાજનો ધાર્મિક વિદ્યાભ્યાસ સાથે શુદ્ધ ધર્મની પરીક્ષા કરવાની તેમની બુદ્ધિ અને દ્રઢતા એ બે વાતોનો વિચાર કરતાં એમ માલુમ પડે છે કે નાનપણથીજ તેઓ બહુ બુદ્ધિશાળી હોવા જોઇએ. ૧૪ વર્ષની ઉમરે શુદ્ધ વૈરાગ્ય પામી દિક્ષા લેવાના અધ્યવસાય થવા અને પોતાનાં માતાપિતાની આજ્ઞા માગી તેમનીજ સ્હાયથી દિક્ષા લેવી એ એમનામાં નાનપણથી કેટલા દ્રઢ સંસ્કાર થએલા તેનો જ્યારે આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણને તેમના માટે

ઘણી પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન થાય છે. અને તે ઉત્પન્ન થએલી પૂજ્ય બુદ્ધિ એમની આખી જીંદગીની કૃતિનું અવલોકન કરવાથી મજબુત થાય છે.

અત્યાર સુધીના ઇતિહાસ ઉપરથી આપણને એમ માલુમ પડેલું છે કે જેઓ પ્રથમથી ચાલી આવેલી અશુદ્ધ પ્રથા કિંવા રિવાજમાં ફેરફાર કરાવનારા થયા છે, તેઓ પ્રતિભાશાળી અને સમર્થ થએલા છે. જૈન ધર્મમાં સાધુ મુનિઓએ પાળવાના સપ્ત નિયમોમાં કાળદોષ પામીને અશુદ્ધતા દાખલ થઇ ગએલી પંન્યાસજી મહારાજને જણાઇ, એ અશુદ્ધતાનો નાશ કરી મૂલ શુદ્ધતા પ્રગટ કરવાની તેમનામાં જીજ્ઞાસા ઉત્પન્ન થઇ, તે અમલમાં મુકવાને ગુરૂ મહારાજ પાસે આજ્ઞા મેળવી તેમાં તેઓ ફતેહમંદ થયા. એ જો એમનામાં સાધુ ધર્મની શુદ્ધતાની સાથે તપશ્ચાનો મહાન ગુણ અને શુદ્ધ ક્રિયા ના ખપી ન હોત તો કદી પણ થઇ શકત નહિ. વર્તમાનમાં પણ આજ એ ગુણોનો ઘણો ખપ છે. આ બે ગુણોની સાથે તેઓનો જ્ઞાનાભ્યાસ કમતી હતો એમ પણ નહોતું. કેમકે સ્વરસતિ બિરૂદધારી ૧૭ સાધુગણમાં તેઓ મુખ્ય હતા અને તેથીજ ગુરૂ મહારાજે તેમને સૂરિની પદવી આપવાની યોજના કરી હતી. તે લેવાની તેમણે વિનયપૂર્વક ના પાડી ત્યારે ગચ્છની ભાળવણી તેમનેજ કરવામાં આવી. બીજા કોઇને સૂરિ પદવી આપ્યા સિવાય ગુરૂ મહારાજે સ્વર્ગગમન કર્યું હતું. આ ઉપરથી વર્તમાનમાં એકલા જ્ઞાન કે એકલી ક્રિયાના સંબંધમાં ખેંચાતાણ કરનાર ભવ્યાત્માઓએ બોધ લેવા જેવો છે અને આત્માની ઉન્નતિમાં એ બન્ને સાધનની સાથે શુદ્ધાચારની જરૂર છે એમ આપણને શિક્ષણ મળે છે. જ્ઞાન સહિત ક્રિયાવાન મુનિજ શાસનને દિપાવી શકે છે અને બીજાઓના ઉપર પરમ ઉપકાર કરી શકે છે.

ઉપાધ્યાયજી મહારાજમાં ક્ષમા ગુણની સાથે કષાયોનો અભાવ અને પૂર્ણ વૈરાગ્ય વિગેરે ગુણો કેટલા બધા દેદિપ્યમાન હતા, તેના માટે એમના શિષ્ય પરિવાર પૈકી કોઇએ જો એમનો રાસ લખ્યો હોત તો તેમાં આપણને અતિશયોક્તિ થએલી છે; અને ગુરૂ ઉપરની પૂજ્ય બુદ્ધિને લીધે તેમણે એ ગુણોનું આરોપણ કરેલું છે એવી કલ્પના કરવાને જગ્યા મળત. પોતે તપગચ્છના હતા છતાં શ્રી હર્ષવિજયજી જેઓ ખરતર ગચ્છના હતા તેમણે તેઓના સ્વર્ગગમન પછી એક માસમાં તેમના રાસની રચના કરી છે. તેઓએ તેમનામાં રહેલા ગુણોનું જે વર્ણન કરેલું છે, તેમાં અતિશયોક્તિ કરી છે એમ માનવાને કંઈ જ પણ કારણ નથી.

આની સાથે શ્રી હર્ષગણીને માટે પણ આપણને બહુ માન ઉત્પન્ન થાય છે, કેમકે પોતે ખરતર ગચ્છના હોવા છતાં ફક્ત ગુણાનુરાગથીજ પંન્યાસજીના સંબંધમાં તેમના ગુણોનું વર્ણન કરેલું છે તે તેમનો ગુણાનુરાગજ સૂચવે છે. આખરે જગતમાં ગુણાનુરાગીજ સ્વપર કલ્યાણ કરી શકે છે. એમ આપણને બોધ અને પ્રતીતિ થાય છે.

બાળ વયથીજ ધાર્મિક અભ્યાસથી માણસ શ્રેયસ્કારી થઇ શકે છે, એમ પણ આપણને એમના ચરિત્ર ઉપરથી જણાઈ આવે છે. તેમજ નાની વયમાં દિક્ષા અને શુદ્ધ બ્રહ્મચર્ય આ આત્મ સાધનમાં મહાન કિંમતી ગુણ છે, એમ પણ જણાઇ આવે છે. પોતાના શુદ્ધ જ્ઞાન, ચારિત્ર અને તપશ્ચર્યાથી શુદ્ધ સંવેગ માર્ગ કેવો હોવો જોઇએ એ તેમણે તે વખતના સિથલાચારના સમયમાં પોતાની વર્તણુકથી જ બતાવી બીજાઓને તે રસ્તો ખુલ્લો દેખાડી આપ્યો હતો; જેના પ્રતાપથી આજે શુદ્ધ સાધુ પક્ષ કેવો હોવો જોઇએ તે જોવાને

ભાગ્યશાળી બની રહેલા છીએ. જૈન અને જૈનેતર પ્રજા ઉપર જૈન વચ્ચેના સાધુઓના માટે જો બહુ માન ઉત્પન્ન કરનાર જો કોઇ હોય તો આજ પક્ષના શુદ્ધાચાર પાળનાર મુનિવર્યજ છે.

એમનામાં ધર્મની પ્રભાવના કરવાની મહાન જીજ્ઞાસા ઉત્પન્ન થએલી, એ જીજ્ઞાસા પરિપૂર્ણ કરવાના તેમના વ્રતમાં તે ચ્યુત થયા નહતા, અને તેના માટે સૂરિ પદવીની ના પાડી હતી, આ તેમનો પદવીની નિર્લોભતાનો ગુણ જેવો તેવો નહોતો. ગુરૂ મહારાજે પોતાના તમામ શિષ્યોમાં એમના સિવાય કોઇનામાં લાયકાત જોઇ નહિ, અને એમણે તે નહિ લેવાની અને ક્રિયા ઉદ્ધારના કાર્યમાંજ જોડાઇ રહેવાની પોતાની મહાન પ્રતિજ્ઞા જણાવી ત્યારે ગુરૂ મહારાજે બીજા કોઇને પણ સૂરિ પદવી પોતાની હૈયાતીમાં નહિ આપતાં તેમને જ ગચ્છનો ભાર સોંપી પોતે સ્વર્ગગમન કર્યું. આ તેમની નિર્લોભતાનો ગુણ ખાસ ધ્યાનમાં લેવા જેવો છે. જે તે પદવીને લાયકના ગુણો પ્રાપ્ત કર્યા સિવાય તેવી ઉપાધિ મેળવવાની જીજ્ઞાસા કદાપિ કોઇના મનમાં જો ઉત્પન્ન થતી હોય તેમણે તો આ ઉપરથી બહુ શીખવા જેવું છે.

ગુરૂ મહારાજની પાટે શ્રી વિજયપ્રભ સૂરિની સ્થાપના કરવામાં આવી અને તેઓ સૂરિ પદવીના ધારક થયા. તોપણ પોતાનાથી વિશેષ લાયકાતવાળા એવા પંન્યાસજી મહારાજને તેઓ બહુ માન આપતા અને તેમની પાસે પોતે હસ્ત જોડી ઉભા રહેતા. આ તેમનો વિનયગુણ જેવો તેવો ન કહેવાય. આ ગુણની આપણામાં દિવસે દિવસે વૃદ્ધિ થાય એજ અંતઃકરણની પરમ ઉત્કંઠા છે.

જો તે કાળની સ્થિતિને અનુસરીને પોતે એક નવીન ફાંટો કહાડી તેના મુખ્ય નાયક બનવાની બાજી રચી હોત તો તેઓ વખતે ફાવી શકે એટલો કાળ હતો, પણ જેઓ શુદ્ધ આત્માર્થિ છે, જેઓની ભગવંત મહાવીરના વચનો ઉપર શુદ્ધ શ્રદ્ધાજ છે. તેઓ તેજ ધર્મની પ્રભાવના કરવાની મુકીને નવીન પાંખુ ઉત્પન્ન કરે એ સંભવિતજ નથી. જેઓ નવિન પાંખો ઉત્પન્ન કરવાની જીજ્ઞાસા ધરાવનાર હોય તેમનામાં શુદ્ધ શ્રદ્ધાન છે અને તેઓ કેવળી ભાષિત શુદ્ધ ધર્મ સમજ્યા છે એવા અનુમાન ઉપર પંન્યાસજી મહારાજનું ચરિત્ર જાણ્યા પછી આપણે કેવી રીતે આવી શકીએ.

વર્તમાનમાં આપણામાં કેટલાક મુનિ વર્ગના સંબંધમાં સખ્ત ભાષા વાપરી તેમને સુધારવા પ્રયત્ન કરે છે. બીજાને સુધારવા અને શુદ્ધ માર્ગ ઉપર વાળવાને માટે કયો ઇલાજ ઉત્તમ છે એ પંન્યાસજીના ચરિત્ર ઉપરથી આપણને જાણવાનું અને શિખવાનું મળે છે. બીજાઓને ઉપદેશ આપવા જેવી લાયકાત આપણામાં ઉત્પન્ન કર્યા સિવાય ફક્ત એકલો ઉપદેશ આપ્યા કરીએ તેથી કંઇ ફળ પ્રાપ્તિ થાય નહિ પણ પોતે તે પ્રમાણે કરી બતાવવાથીજ વધુ ફાયદો થઇ શકે છે. એમ તેઓના ચારિત્ર ઉપરથી આપણને ખાત્રી થાય છે.

આવા સમર્થ પુરૂષો શાસનમાં વખતો વખત ઉત્પન્ન થાય અને ધર્મની પ્રભાવના કરવાની સાથે જૈનોને અને દેશને શુદ્ધ ધર્મની પ્રાપ્તિના કારણભૂત થાય એજ અમારી ભાવના છે.

**વકીલ નંદલાલ લલ્લુભાઈ વડોદરા.**

# શ્રી જ્ઞાનદર્શન ચારિત્રનો સંવાદ.

### દુહા.

શ્રી ઇંદ્રાદિક ભાવથી, પ્રણમે જગ ગુરૂ પાય;
તે પ્રભુ વિર જિણંદને, નમતાં અતિ સુખ થાય. ૧
જ્ઞાન દર્શન ચારિત્રનો, કહું પરસ્પર વાદ;
ત્રિક યોગે સિદ્ધિ લહે, એવો પ્રવચન વાદ. ૨
સમકિત ગુણ જસ ચિત્ત રમ્યો, તેહને ન વાદવિવાદ;
સમુદાયથી એક અંશ અહિ, મુખ્ય કરે તિહાં વાદ. ૩

### ઢાળ પહેલી.

જ્ઞાનવાદી પહેલો કહે, ત્રિભુવનમાં હું સાર લલના,
નય નિક્ષેપ પ્રમાણનો, ચઉ અનુયોગ વિચાર લલના, જ્ઞાન ભજો ભવિ પ્રાણીયા. ૧
સપ્ત ભંગી પદ્ દ્રવ્યનું, મુજ વિણ કુણ લહે તત્વ લલના,
બંભી લિપિને પ્રણમીઆ, ગણધરાદિક મહા સત્વ લલના. જ્ઞાન૦ ૨
મેરૂ સૂર્ય ને ઇંદ્રની ઉપમા, જ્ઞાનીને હોય લલના,
મુજ વિણ મૂરખ પશુ તણી, એવી ઓપમ તસ હોય લલના. જ્ઞાન૦ ૩
જ્ઞાન પછી જીનરાજને, અરિહંત પદ હોય ભોગ્ય લલના,
ભોગવવું તે જ્ઞાનનો ઉપદેશ, કહેવો જે યોગ્ય લલના. જ્ઞાન૦ ૪
જ્ઞાન પછી ક્રિયા કહી, દશ વૈકાલિક વાણુ લલના,
જ્ઞાન ગુણે કરી મુનિ કહ્યા, ઉત્તરાધ્યયન પ્રમાણ લલના. જ્ઞાન૦ ૫
દિપક ઘટ દેખાવશે, ઘટથી દિપ ન દેખાય લલના,
અપ્રતિપાતિ જ્ઞાનગુણ સહી, મહાનિશિથ કહેવાય લલના. જ્ઞાન૦ ૬
અધિકું સર્વ પાતિક થકી, અજ્ઞાની જાણે ન યોજ લલના,
આત્મસ્વરૂપ જાણ્યા વિના, ફરે જ્યું જંગલ રોઝ લલના. જ્ઞાન૦ ૭
કિરિયા વિણ બહુ સિદ્ધિ લહે, તાપસાદિક દ્રષ્ટાંત લલના,
ગજ બેઠે મરૂદેવીને આપી, મેં મુક્તિ એકાંત લલના. જ્ઞાન૦ ૮
અજ્ઞાનવાદી એમ કહે, આપે મોક્ષ ન જ્ઞાન લલના,
ઉત્તર ધર્મ સંગહણીથી, કરજો મુજ બહુ માન લલના. જ્ઞાન૦ ૯
જીવને જ્ઞાન અભેદ છે, મુજ વિણ જીવ અજીવ લલના,
અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો સદીવ લલના. જ્ઞાન૦ ૧૦
કિરિયા એ કોઈ બાળ છે, જ્ઞાન નયે ઉજમાલ લલના,
મુનિને શેવવા યોગ્ય તે, બોલે ઉપદેશ માલ લલના. જ્ઞાન૦ ૧૧
દેવાચારજ મલ્લવાદીજી, જગ જસવાદ લહંત લલના,
બોધ જીસા મુજ આશરે, એમ બહુ શાસ્ત્ર ઉદંત લલના. જ્ઞાન૦ ૧૨
દેહિના મેલને સારીખો, મુજ વિણ કીરીયા અંધ લલના,
તિક્ષણતા જે જ્ઞાનની, તેહજ ચરણ અબંધ લલના. જ્ઞાન૦ ૧૩

**ઢાળ બીજી.**

કોડી વરસ તપ જપ કિરીયા કરે, નહિ મીટે કર્મનો પાસરે,
જ્ઞાની તે એકજ શ્વાસોશ્વાસમાં, અનેક કર્મ કરે નાશ રે;
ગુણીજન વંદોરે જ્ઞાનને લળી લળી. ૧
જ્ઞાનના ગુણે રે ઉત્તમ સંગ્રહે, બાલક માને વેશ રે,
મધ્યમ નર કિરીયા ગુણ આદરે, ષોડશક ઉપદેશ રે. ગુણી૦ ૨
ચારિત્રહીણો રે જ્ઞાન ગુણે ઘણો, વંદવો પૂજવો તેહ રે,
થોડે જ્ઞાનેરે કિરીયા કલેશ છે, ઉપદેશમાલામાં એહરે. ગુણી૦ ૩
મહિઅલ માંહેરે મેલા વેશથી, બકુશવહારે જે ચાલે રે,
જગતે ઘાલેરે જ્ઞાન વિના ધંધે, તે કિમ ધર્મને પાલે રે. ગુણી૦ ૪
પિપ્પલ પાન જિસ્યા કિરીયા ગુરૂ, ઝહાઝ સમા ગુરૂ જ્ઞાની રે,
કિરીયા રહિત તે સિદ્ધ જિણંદ છે, ભગવતી અંગની વાણી રે. ગુણી૦ ૫
મંડુક ચુરણ જિમ જલદાગમે, કિરીયાએ તિમ ભવ વાધે રે,
તસછાર કરવા રે જ્ઞાનની જ્યોતિ છે, ઉપદેશ પદ એમ સાધે રે. ગુણી૦ ૬
એકનો જાણગ સર્વે જાણગ કહ્યો, એહવી મારી વડાઈ રે,
અવિ સંવાદપણે જે જાણવું, તેહજ સમકિત ભાઈ રે. ગુણી૦ ૭
જ્ઞાન વિના કહો સમકિત કેમ રહે, કિરીયા જ્ઞાનની દાસી રે,
છટ્ઠ તપસુકા સેવાલ ભોજી દેખે, ન સુખ અવિનાશી રે. ગુણી૦ ૮
થોડલી કિરીયારે જ્ઞાનની ભલી, જિમ સુર નારીના ભાવ રે,
બહુલી કિરીયારે જ્ઞાન વિના કિસી, જિમ અંધ નારીના દાવ રે. ગુણી૦ ૯
સહસ ત્રેંતાલીસ બશેં નર બુઝીઆ, નંદિષેણ શુદ્ધ ભાખે રે,
જ્ઞાનીએ દીઠુરે તેહજ વસ્તુ છે, ખર શિંગસમ અન્ય દાખે રે. ગુણી૦ ૧૦
કિરીયા નયનેરે જ્ઞાન કહે તુમે, મુજ થકી ભિન્ન અભિન્ન રે,
ભિન્ન થશો તોરે જડતા પામશો, અભિન્ન મુજ માંહે લીન રે. ગુણી૦ ૧૧
નયન ત્રીજોરે જેહને આલંબીએ, જૂઓ મુક્તિ વિમાશી રે,
એક પદ પામી ચિલાતિ સુત ભયો, જ્ઞાનથી સહુ સુખ વાસી રે. ગુણી૦ ૧૨

**વકીલ મોહનલાલ હીમચંદ-પાદરા.**

# जापाननी आश्चर्यकारक उन्नति.

( અનુસંધાન ગતાંક પાને ૧૧ થી. )

જાપાનની હાલની સર્વોત્કૃષ્ટ સ્થિતિ જાણવી હોય તો આપણે ઇતિહાસના સ્તોત્રમાં થોડા તણાવું પડશે. સન ૧૮૫૩ માં સંયુક્ત રાજ્ય, અમેરિકાને અભિલાષા થઇ કે પોતે પ્રશાંત મહાસાગરને પેલે પાર આવી રહેલા પોતાના પાડોશીઓ સાથે મિત્રતાનો સંબંધ સ્થાપિત કરવો એ વધારે સારૂં છે, ને તે હેતુની સિદ્ધિ અર્થે હેમણે સસક્કીહાના અને

મીસિસીપી નામનાં બે ઘણાંજ મ્હોટાં અને સરાટોગા અને પ્લીમથ નામનાં બે સાધારણ વહાણ આપીને 'કમોડોર પેરી' નામના દરિઆઈ અમલદારને જાપાન મોકલ્યો. એકાન્તવાસી જાપાનને આ ઝહાઝી ચઢાઈ તે વખત ઘણીજ ભયંકર જણાઇ. તે અમેરિકન અમલદારને બહુજ સારી રીતે ખબર હતી કે જાપાન અન્ય દેશીય ઝહાઝોને પોતાના બંદરમાં આવવા દેતું નથી. અન્ય દેશોનાં વહાણો યાતો અન્ય દેશોના રાજદૂતોને નાગાસકી બંદર શિવાય અન્ય બંદરોમાં આવવાની સખ્ત મનાઈ હતી. પરંતુ **પેરી**એ તેની બીલકુલ દરકાર કરી નહિ, અને તે નીરાંતે પોતાના વહાણને ઉર્ગા નામના બંદરમાં લઈ ગયો. **ઉર્ગા** તે સમયે **એદ્દો**ની ખાડીમાં સમુદ્રથી થોડે દૂર હતું, કે જ્યાં **શોગન** લોકોની રાજધાની હતી. ૨૬૦ વર્ષ સુધી જાપાનની રાજસત્તા શોગન લોકોના હાથમાં હતી, અને બાદશાહ તો તેમના હાથમાં રમકડાંજ હતાં. આઠમી જુલાઇએ **પેરી** ત્યાં પહોંચી ગયો. તે જાણી જોઇનેજ તે બંદરમાં ગયો હતો કારણ કે તે જાપાનના લોકોને સૂચિત કરવા માગતો હતો કે, **પીરી** લાલચી તથા નમ્રતાના પૂતળાં જેવા ડચ અને ચીની લોકોની માફક તેમનાથી ડરતો નહતો. શોગન અધિકારીઓએ ત્હેને નાગાસકી બંદર જવાનું કહ્યું પરંતુ તેણે ત્યાં જવાનું ખુલ્લે ખુલ્લું ના કહ્યું અને સાફ જણાવી દીધું કે તે પોતે શા કારણથી ત્યાં આવ્યો હતો. વળી વધારામાં જણાવ્યું કે તેને છેડવામાં ઠીક નહોતું, તે પોતે ચાલાક માણસ હતો અને પોતાની તથા પોતાના દેશની પ્રતિષ્ઠા જાપાનીઓમાં કેવી રીતે સચવાશે તથા વધશે તે તે બરાબર જાણતો હતો, ને સમય પર કેવી રીતે પ્રતિષ્ઠાપૂર્વક દબાઈ જઈ કામ કાઢી લેવું તે પણ તેને બરાબર આવડતું હતું. તેથી પોતાની વર્તમાન અવસ્થા જાણી-સમજીને, તેણે જ્યારે જાણ્યું કે હવે જાપાનીઓને વધુ દબાવવા એ ઠીક નથી, ત્યારે તેણે જે સંદેશો તે પોતે વૉશીંગ્ટનથી લાવ્યો હતો તે તેમને સ્વાધિન કર્યો અને કહ્યું કે આનો જવાબ લેવા હું ફરીથી આવીશ. જાપાનીઓએ તેનું આગમન ઘણુંજ અશુભ ગણ્યું. શોગને પોતાના ખંડીઆ રાજાઓને તુરતજ બોલાવ્યા અને ત્હેની સાથે યુદ્ધ માટે સજ્જ થવા હુકમ કર્યો. જ્યાં સુધી **પેરી** ઉર્ગામાં રહ્યો ત્યાં સુધી યુદ્ધની તૈયારીઓ ચાલી રહી હતી, અને તેના જવા પછી પણ તે બંધ રહી નહોતી. થોડા દીવસ પછી પેરી ફરી જવાબ લેવા આવ્યો. એટલા સમયમાં શોગનોએ એટલી તૈયારીઓ કરી લીધી હતી કે કોઈ પોતાના દેશમાં ઘુસી શકે નહિ. તો પણ તેમણે **પેરી** સામે થવું એ શોગને અયોગ્ય ગણ્યું. પેરી સાથે ત્હેના આવવાના સંબંધમાં ઘણીજ ગરમાગરમ વાતચીત થઈ, અને અંતમાં ૩૧ માર્ચ ૧૮૫૪ ના રોજ કાના-ગવા નામના સ્થળે એક અગત્યનું સંધીપત્ર લખાયું. તેમાં જાપાને કબુલ કર્યું હતું કે ( ૧ ) કદાચ કોઈ વિદેશી ઝહાઝ જતાં આવતાં અમારી હદમાં તુટી જાય અગર અટકી પડે તો ત્હેના માણસો સાથે સારી વર્તણુક ચલાવવામાં આવશે. ( ૨ ) વિદેશી ઝહાઝ જાપાનમાંથી ખાવા પીવાની સામગ્રી લઈ શકશે. ( ૩ ) શિમોડા અને હકોડટી નામનાં બંદર ગાહોમાં અમેરિકન વહાણો થોભી પણ શકશે વિગેરે. આ સંધીપત્રમાં એવી કોઈ વાત દાખલ કરવામાં આવી ન્હોતી કે જાપાન અમેરિકાને કોઈ વ્યાપારી અથવા તો રાજનૈતિક અસામાન્ય અધિકાર આપશે. એજ **પેરીની** વિલક્ષણ બુદ્ધિનું પ્રમાણ હતું.

જાપાન સાથે સંધી કરી સંબંધ બાંધવામાં ઘણી યુરોપીઅન જાતો અસમર્થ હતી. પરંતુ જે સાફલતા અમેરિકાને પ્રાપ્ત થઇ તેનું પરિણામ એ થયું કે થોડા કાળમાંજ જાપા-

નની પ્રતિબંધરૂપી દિવાલ તુટી પડી અને તેનું એકાંત સેવન ભંગ થયું. અંધારામાં પડી રહેલું જાપાન સમસ્ત વિશ્વની નજર આગળ પ્રકાશમાં આવી ઉભું. પૂર્વોક્ત સંધીપત્ર પર સહી સીક્કા થયા બાદ સત્વરજ શોગને ગ્રેટબ્રિટન તથા અન્ય રાષ્ટ્રો સાથે પણ આવીજ સંધીઓ કરી લીધી. જાપાને પોતાનો બુરખો ખેંચી દૂર ફેંકી દીધો. વીરમર્દની પેઠે વિશ્વના મોંઢા પાસે ખડો થયો.

વિદેશીઓ સાથે આમ સંધીઓ કરવાનું પરિણામ એ આવ્યું કે, આખા દેશમાં વિદેશીઓ તરફ દ્વેષભાવની અંગારીઓ સળગી ઉઠી, અને એવું થવાની સમ્પૂર્ણ વકી પણ રાખવામાં આવી હતી. કારણ આજ સુધી જાપાન એકાંતવાસી હતું. તેનો સંબંધ કોઈ પણ વિદેશી રાજ્ય સાથે નહતો. આ આગ દિનપ્રતિદિન વધતી ગઈ, અને તેથી શોગન અધિકારીઓ ચિન્તાગ્રસ્ત બન્યા. કેટલાક વિદેશીઓ અને તેમનો પક્ષ કરનાર જાપાનીઓ પ્રત્યે કેટલાક અત્યાચાર પણ થયા. જેનું છેવટ એ આવ્યું કે સને ૧૮૬૩ માં અંગ્રેજોએ **કાગોશીમા** નામનું શહેર ગોળાઓથી ઉડાડી મૂક્યું. તે પછી એક વર્ષ બાદ અંગ્રેજ, ફ્રેંચ, અમેરિકન તથા ડચ લોકોના સંયુક્ત હુમલા વડે **શિમાનોસેકી** નામના શહેરને પણ ઉડાડી મૂક્યું. અને આ બધી ગડબડથી થયું એમ કે, મદદગાર અને તેમની ઈર્ષ્યા કરનાર રાજાઓમાં પરસ્પર લડાઇ શરૂ થઈ, ને અંતમાં શોગન લોકોની હાર થઈ. તેનું ફળ એ આવ્યું કે ડબલ રાજ્યસત્તાનો સદાને માટે લોપ થયો અને બાદશાહનો અધિકાર સંપૂર્ણ રીતે તેને પાછો મળ્યો.

સદ્ભાગ્યે પરલોકવાસી મુત્સુહિટ્ (તેનો અર્થ પ્યારો અને દયાળુ એવો થાય છે.) તેના અમલના દિવસો આવ્યા. જે સાલમાં પેરી એદોના બંદરમાં આવ્યો હતો તેથી એક વર્ષ પહેલાંજ હેમનો જન્મ થયો હતો. એટલે હમણાં તેમની ઉમ્મર ૧૫ વર્ષની થઈ હતી. ૧૩ ફેબ્રુઆરી ૧૮૬૭ માં પોતાના પિતાના મૃત્યુ બાદ હેમને રાજ્યાસન પ્રાપ્ત થયું. પરંતુ ૧૩ ઓક્ટોબર ૧૮૬૮ માં હેમને યથાવિધિ રાજતિલક થયું, જેથી લોકોએ ખુલ્લે ખુલ્લું જાણ્યું કે હવે અનઅધિકારીઓ ( શોગન લોકો )ની સત્તા નાબુદ થઇ છે. આ સમયે મિકાડો ( શહેનશાહે ઝપાન ) એમણે નીચે લખી પ્રતિજ્ઞાઓ કરી.

૧. સાર્વજનિક કૌન્સીલો ( પરિષદો ) સ્થાપન કરવામાં આવશે, અને બધાં સરકારી કામો નિયમસર ન્યાયપૂર્વક કરવામાં આવશે.

૨. દેશની સમસ્ત જાતિઓને પછી ગમે તો તે શાશક હો યાતો શાશ્રિત-હૃદયપૂર્વક જાતિ ઉન્નતિ માટે પ્રયત્ન કરવો પડશે.

૩. શાશન અને સેના વિભાગના બધા અધિકારીઓ અને સમસ્ત સાધારણ વર્ગને પોતાની અભિલાષા પૂર્ણ કરવાનો સમય આપવામાં આવશે, અને તેમની યોગ્યતા તથા ગુણો પ્રકાશમાં લાવવાના મોકા-પ્રસંગો આપવામાં આવશે.

૪. પુરાણા કાળની-બાવા આદમના જમાનાની દરેક કુરીતીઓ-નઠારી રૂઢિઓ-પ્રથાઓ બંધ કરવામાં આવશે. જેવી રીતે સમસ્ત વિશ્વમાં ન્યાય અને સમતાની તૂલા છે, તેવી રીતે અહિ પણ ન્યાય અને સમતા-ભાવથી વ્યવહાર ચલાવવામાં આવશે.

૫. વિશ્વના કોઈ પણ ખૂણામાંથી જ્ઞાન અને વિજ્ઞાન શિખી શકાશે. અને તે વડે સામ્રાજ્યની જડ મજબુત કરવામાં આવશે.

આને જાપાનનો મેગના ચાર્ટા Megna charta ( અધિકારોની સનંદ ) માનવામાં આવે છે, અને તેમ સમજવામાં આવે છે તે ઠીક પણ છે કારણ કે તેણે જાપાનની સાર્વજનિક સત્તાની હયાતી ટકાવી રાખી છે; તેમાં એ વાત પણ નિર્ભયતાપૂર્વક માનવામાં આવી છે કે પ્રબંધશાળી સંકુચિત સંસ્થાઓ પણ કાઢી નાંખવી જોઇએ અને ભિન્નત દેશો પાસેથી જ્ઞાન પ્રાપ્તિ કરવી જોઇએ.

જ્યારે હવે એ વાતનો વિચાર કરીએ છીએ કે પાંચ કે છ વર્ષ પહેલાં જે જાપાન કોઈ પણ વિદેશીઓ સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખવા ના પાડતું હતું, તે હમણાં કયા દેશથી અલગો ! આ ઉદ્ઘોષણા જાપાનમાં મહાન પરિવર્તન થઈ ગયું છે. મિકાડો અને હેમના મંત્રીઓની સમયાનુકૂલ કાર્ય કરવાની આવી અદ્ભૂત શક્તિ જોઇ અને આશ્ચર્ય થાય છે. અને એથી પણ વધુ આશ્ચર્ય તો ત્યારેજ થાય છે કે જ્યારે હમે જોતા હતા કે જાપાનના પાડોશી અન્ય એશિયાઇ દેશો તે સમયે વિદેશીઓને નિશાચર અને જંગલી કહ્યા કરતા હતા, અને તેમની સભ્યતા તરફ કટાક્ષની નજરે જોતા હતા. કોઇ કોઈ મનુષ્યો તો આજ વીશમી સદીમાં પણ હજી એમ કરે છે.

તે સાલના નવેંબર મહિનામાં મિકાડોની વર્ષ ગાંઠ આખા જાપાનમાં ઘણાજ આડંબરથી ઉજવાઇ હતી. તે દિવસથી નવિન યુગનો જાપાનમાં આરંભ થયો. સુધારાનો ડંકો વાગ્યો. ખરેખરો જમાનો પલટાઈ ગયો, શોગન લોકોનો અધિકાર નષ્ટ થયો. બાદશાહની સત્તા પુનઃ તેને સમર્પણ કરવામાં આવી. ( અપૂર્ણ. )

# अनंत जीवन.

આપણા સર્વમાં એક અંતર્ગત મધ્ય બિન્દુ છે. જ્યાં સંપૂર્ણ સત્ય પ્રકાશી રહ્યું છે. તેની આસપાસ એક પછી એક માયાનાં પડ આવેલાં છે. તે પડને લીધે તે સત્યનો પ્રકાશ બહાર પડી શકતો નથી. તેને ઇંદ્રિયો અને શરીર પૂર્ણપણે પ્રકાશ પામવા દેતાં નથી અને તેથી સર્વ ભૂલો થવા પામે છે. હવે તે ભૂલ દૂર કરવાને **બહારથી** પ્રકાશ આણવાનો નથી પણ જે પ્રકાશ આપણી અંદર રહેલો છે તે પ્રકાશને આવરણ કરનારાં કારણો દૂર કરવામાંજ ખરો પુરૂષાર્થ સમાયલો છે. તે પુરૂષાર્થ જો કરવા માંડો તો આપણો જીવન ઉદ્દેશ સફળ થાય.

**કવિ બ્રાઉનીંગ.**

* * * * *

કુદરતમાં—પ્રકૃતિમાં હજારો આકારો છે અને તે ક્ષણે ક્ષણે બદલાય છે. તે સઘળા આકારો અશાશ્વત અને ક્ષણિક છે. પ્રકૃતિ—માયા—પુદ્ગલ વર્ગણાના સ્કંધો બહુવિધ છે અને ભેદભાવ અથવા વિવિધતા એ હેનું લક્ષણ છે. તેની અંદર જે ચૈતન્ય લક્ષણ છે તે વ્યક્તિગત એક છે—અમર છે માટે ઇંદ્રિયો અને અંદર રહેલી સ્વાર્થ વૃત્તિપર વિજય મેળવી માયાવી અને મોહજનક વસ્તુઓના પાસમાંથી મુક્ત થવું જેથી અનંત જીવન—અનંત પ્રકાશમાં પ્રવેશ કરી શકાશે અને જ્યાં સઘળા પ્રાકૃતિક આકારો વિલય પામી થશે.

મનુષ્યોનો આત્મા અમર છે અને તે અનંત જીવનથી અભિન્ન છે. પ્રત્યેક આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર્ય અને અનંત વીર્યથી વિભૂષિત છે. જ્યાં સુધી તે જન્મ જરા મૃત્યુના પાસમાંથી મુક્ત થતો નથી ત્યાં સુધી તેને સંપૂર્ણ સંતોષ થતો નથી, તેમ જડ વસ્તુઓના પાસમાં લપેટાઇ સંસાર પરિભ્રમણ કરવાનું ત્યાગ કરી શકતો નથી. જ્યારે તે અનંત જીવનનો સાક્ષાત્કાર કરે છે ત્યારેજ તેના હૃદય ઉપરનો દુઃખનો ભાર કમી થાય છે અને શોકની છાયાથી આચ્છાદિત થતો નથી માટે અનંત જીવનનો સાક્ષાત્કાર કરવો એજ આ લેખની ભૂમિકા છે, યા તો તેનો અંતિમ ઉદ્દેશ છે.

આપણે જગતના જીવો વિષે વિચાર કરીશું તો આપણને જણાશે કે સઘળા જીવો જન્મ જરા અને મૃત્યુના પાસથી વિંટાયલા છે. સોગટા બાજીનું સોગઠું જેમ પોતાની ચાર દિશાઓ વટાવીને વચમાં આવે નહિ ત્યાં સુધી દરેક ખાનામાં અવાર નવાર રખડયા જ કરે છે, તેવીજ રીતે જે મનુષ્યો સિદ્ધ દશા પ્રાપ્ત કરે નહિ ત્યાં સુધી દેવગતિ, મનુષ્ય ગતિ, તીર્યંચગતિ અને નરકગતિમાં અવારનવાર રખડયાં જ કરે છે અને ચોરાશી લાખ જીવા યોની પૈકી કોઇને કોઇ યોનીમાં દેહો ધારણ કરે છે. જ્યાં સુધી જીવો સંસાર-ગ્રસ્ત છે, ઇંદ્રિયાદિક વિષયોમાં રક્ત છે, વાસનાઓથી વિશિષ્ટ છે ત્યાં સુધી તેમને નાટકના સૂત્રધારની પેઠે નવીન નવીન દેહો ધારણ કરવા પડે છે અને અનેક જીવનો–ભવો કરવા પડે છે પરંતુ જ્યારે તેઓ સ્વાર્થવૃત્તિ પર કાબુ મેળવે છે, ઇંદ્રિયાદિક વિષયોનો પરાજય કરે છે, સદંતર કર્મથી મુક્ત થાય છે ત્યારેજ તે અનેક જીવનોમાંથી મુક્ત થઇ અનંત જીવનમાં પ્રવેશ કરી શકે છે. સંધ્યાના રંગ જેમ પલટાય છે, વિજળીનો ચમકારો જેમ ક્ષણિક છે, તેવી જ રીતે જળ પરપોટાની માફક સઘળાં ઐહિક જીવનો નશ્વર છે અને દુઃખ મિશ્રિત છે. સંસારમાં કોઇ એવી સ્થિતિ કે એવો પ્રસંગ કે એવી કોઇ પદવી કે એવું કોઇ સ્થળ પણ નિહાળવામાં આવતું નથી કે જ્યાં સંપૂર્ણ શાંતિ મળી શકે. આથી જ યોગી મહાત્માઓ–મુમુક્ષુઓ–આત્માર્થીઓ પોતાને મળેલા માનવ ભવનું સાર્થક કરે છે અને સંસારી કાર્યના પાસમાં લેપાતા નથી. તમામ ધર્મના મહાત્માઓ–યોગીઓ અને મહંતો સંસારને ધિક્કારે છે ( એટલે નહીં કે મનુષ્ય ભવને કે આ દુનિયાને ) અને અનુકુળ સ્થિતિ પ્રાપ્ત થતાં આ નશ્વર દેહો ધારણ કરવાનું તજી દે છે અને મુક્તિપરાયણ થાય છે. આ સ્થળે સંસાર તે શું છે તેનું સ્વરૂપ વિચારવાની ઘણીજ જરૂર છે, કારણ કે કેટલાક બંધુઓ કંઇ જરા દુઃખનો પ્રસંગ આવતાં કે કોઈ ઉપાધિના પ્રસંગ આવતાં બરબડે છે કે બળ્યો આ સંસાર અને બળ્યું આ જીવવું; પરંતુ ખરી રીતે જો તેઓ સંસારનું સ્વરૂપ સમજતા હોય તો આવી રીતે કોઈ દિવસ ઉદ્‌ગાર કાઢે નહિ. સંસારી જીવન એ અગ્નિ જેવું છે. જો અગ્નિને કેળવતાં આવડે તો વિધવિધ જાતની બત્રીશવતી રસોઇ તેથી કરી જમી શકાય, શીતના પ્રહારોને તેથી હઠાવી શકાય, અનેક સુવર્ણના અલંકારો કરી શકાય; અને જો તેને કેળવતાં ન આવડે તો કોઇનું ઘર બાળી નંખાય કે મેળવેલી ચીજનો નાશ કરાય. અર્થાત્ તેને જેવા ઉપયોગમાં લેવું હોય તેવા ઉપયોગમાં મનુષ્યોથી લઇ શકાય છે. તલવાર રક્ષણ કરવાના કામમાં આવે છે તેમ કોઇને મારી નાંખવાના પણ કામમાં આવે છે. આવી રીતે વસ્તુને સારી ખોટી રીતે વાપરવી તે મનુષ્યના હાથમાં છે. અગ્નિમાં ને તલવારમાં જેમ જાતિદોષ નથી તેમ સંસારમાં જન્મ્યા એટલે તેમાં કંઇ દુનિયાનો દોષ નથી યા મનુષ્ય ભવનો પણ દોષ નથી. તેને સુખરૂપ કરવો અને દુઃખરૂપ કરવો એ પ્રત્યેક મનુષ્યના હાથમાં છે. જો દુનિયાજ ખરાબ હોત તો આપણે

જે મહાન્ મહાન્ પૂજ્યવરોને પૂજીએ છીએ તેમનો પણ સંસારમાં એક વખત અવતાર ધારણ હતો તે શું કરવા થાત ! તેઓએ આ દુનિયામાંજ મહાન્ પદ મેળવી સિદ્ધ દશા પ્રાપ્ત કરી છે, માટે સંસાર—દુનિયામાં જન્મ્યા એટલે દુનિયાને ખોટી માનવી એ ભૂલ ભરેલું છે. સંસારનો શો અર્થ છે તે ખાસ સમજવો જોઇએ. **સંસાર એટલે જેથી કરી ચાર ગતિમાં ભટકવાનું થાય તેવી રીતે ક્રોધ, માન, માયા ને લોભને વશ થઇ કરણી કરવી તેનું નામ સંસાર છે.** નહીં કે મનુષ્ય ભવ કે આ દુનિયા છે. માટે તેવી જાતની ક્રોધ, માન, માયા, લોભ વિશિષ્ઠ જે કરણી છે તેનો સદંતર નાશ કરવો કે જેથી સંસારમાં જન્મી જે પ્રાપ્ત કરવા યોગ્ય વસ્તુ છે તે પ્રાપ્ત કરી શકાય. સંસારને સ્વર્ગ સમાન માનવો યા નર્ક સમાન માનવો એ પ્રત્યેક વ્યક્તિના હસ્તકની વાત છે.

આપણે જંગલ નિવાસી અવધુત યોગી મહાત્માઓને સમાધિનાં અનંત સુખો ભોગવતા જોઇએ છીએ. શરીરે પણ અલમસ્ત જેવા જોઇએ છીએ. તેમની દિવ્યશક્તિ, પ્રશાંત મુદ્રા અને દિવ્ય પ્રતિભા જોઈ આપણે આશ્ચર્ય અને આનંદમાં ગરકાવ થઇએ છીએ કે જેમની પાસે સ્ટોકમાં પહેરવાને પુરતાં કપડાં પણ હોતાં નથી. કાલ શું ખાઇશું તેના માટે સ્ટોકમાં એક પાઇની પણ સીલીક હોતી નથી. ત્યારે આપણે આપણા સંસારી બંધુઓ તરફ જોઇશું તો અનેક દાસ દાસીથી સેવિત હોય છે. ખજાનામાં અખુટ ધન હોય છે. લાડી, વાડી ને ગાડીમાં મગ્ન હોય છે. હજારો માણસો આજ્ઞામાં ખડાં હોય છે. તોએ તેઓને આપણે વખતે દુઃખનાં રોદણાં રડતા જોઇએ છીએ. શોક અને દીલગીરીના દરિયામાં કેટલીક વખતે ડુબેલા જોઇએ છીએ. આનું કારણ માત્ર એટલુંજ કે તેમને સંસારનું ખરૂં સ્વરૂપ ઓળખ્યું નથી અને યોગી મહાત્માઓએ સંસારનું સ્વરૂપ ઓળખ્યું છે માટેજ કરીને કહ્યું છે.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।

યોગીઓ જે પ્રવૃત્તિમાં જાગ્રત છે તેજ પ્રવૃત્તિમાં ભોગીઓ ઉંઘે છે, અને ભોગીઓ જે પ્રવૃત્તિમાં જાગ્રત છે તેમાં યોગીઓ ઉંઘે છે. જે સંસારીઓની રાત્રી છે તે યોગીઓની પ્રવૃત્તિ છે અને જે સંસારીઓની દિવસની પ્રવૃત્તિ છે તેમાં યોગીઓ નિદ્રાધીન છે અર્થાત્ યોગીઓ જે માર્ગનું વહન કરે છે તે કેવળ સત્યમાર્ગનું અને ભોગીઓથી તદન નિરાળું છે. **કારણ કે તેમણે જીવન તૃષ્ણાનો અંત આણ્યો છે. તેમણે અનંતજીવનનો શાશ્વત આનંદ અનુભવ્યો છે. તેમણે જન્મ અને મરણનો પૂલ ઓળંગ્યો છે અને અમરતત્વ અનુભવ્યું છે. સંકોચ વિના ઐહિક સર્વ સમૃદ્ધિઓનો ભોગ આપીને તેમણે સર્વસ્વ પ્રાપ્ત કર્યું છે અને અનંતજીવનના હૃદયમાં હમેશને વાસ્તે શાશ્વત શાંતિ મેળવી છે. આજ યોગીઓની** પ્રવૃત્તિ છે અને તેથીજ તેઓ ઐહિક દુનિયાની પ્રવૃત્તિમાં ઉંઘે છે. યોગી યાતો સંસારી પ્રવૃત્તિઓને જન્મ આપનાર દરેક મનુષ્યનું મન છે. મને કરીને યોગી અને મને કરીને ભોગી થઇ શકાય છે. મનમાંથી વિચાર ઉત્પન્ન થાય અને તત્ મુજબ કાર્ય થાય છે. તેટલા માટેજ first thought and then action એટલે પ્રથમ વિચાર અને પછી કાર્ય. કાર્ય કારણભાવની સાંકળ અભિન્ન છે. જેવું કારણ તેવું કાર્ય. માટે મન એજ સારા નરસા વિચારોને જન્મ આપે છે. શુદ્ધ ભાવ અને અવિશુદ્ધ એટલે ખરાબ ભાવોને તે સ્થાન આપે છે.

**मन एव मनुष्याणां कारणंबंध मोक्षयोः ।**

મન એ મનુષ્યોને બંધ અને મોક્ષનું કારણ છે. માટે અનંત જીવનમાં પ્રવેશ કરનારે મનને નિર્મળ બનાવવાની પ્રથમ આવશ્યકતા છે. મનને નિર્મળ બનાવવાને-આત્મજ્ઞાનની દિવ્ય પ્રભાને જાગૃત કરવાને મનમાંથી નીકળતા સદ્‌અસદ્ ભાવોનું સ્વરૂપ જાણવું જોઇએ. કારણકે જ્યાં સુધી ભુલ દેખાય નહિ, જ્યાં સુધી અજ્ઞાનતા ટળે નહિ ત્યાં સુધી સત્ય જ્ઞાનનું ભાન થાય નહિ. જ્યારે પ્રકાશનો આવિર્ભાવ થાય છે ત્યારે સ્વયં અંધકાર પલાયન કરી જાય છે માટે પ્રથમ મનમાં ઉછળતા શુદ્ધ અશુદ્ધ ભાવોનું નિરક્ષણ કરતાં શીખવું જોઇએ. શુદ્ધ અને અવિશુદ્ધ અધ્યવ્યસાયોનું પ્રથમ જ્ઞાન કરવું જોઇએ. તેના માટે મહાન્ યોગી શ્રીમદ્ આનંદઘનજી મહારાજ કહે છે કેઃ—

**भाव अविशुद्ध सुविशुद्धजे, कह्याजिन वर देवरे;**
**ते तेम अहा तत्थ सद्रहे, प्रथम ए शांति पद सेवरे.**

અર્થ—અવિશુદ્ધ એટલે નઠારા અને વિશુદ્ધ એટલે વિશેષ પ્રકારે સારા, એવા શ્રી જીનેશ્વર ભગવાને જે ભાવો કહ્યા છે તે ભાવોને તેવીજ રીતે નિર્ભ્રાંતપણે જે માનવા તે શ્રી શાંતિનાથ પ્રભુના ચરણોની પહેલી સેવા છે અથવા તે પહેલું શાંતિપદ છે તેને હે આત્મા, હે ભવ્ય! તું સેવ!

જે કોઇ મહેલ ઉપર ચઢનારને પ્રથમ પગથીએ પગ મુકવો પડે છે, અને પગથીઆં ચઢતાં ચઢતાં મહેલ પર ચઢે છે તેવીજ રીતે મુક્તિપરાયણ જીવોએ-અનંત જીવનની પ્રાપ્તિ ઇચ્છક જીવોએ પ્રથમ જીનેશ્વર ભગવાને જે શુદ્ધ અને અવિશુદ્ધ ભાવો બતાવ્યા છે તે યથાતથ્ય માનવા જોઇએ. **निस्संकीअ, निःकंखीअ**—અર્થાત્ તેનામાં કોઇ પણ જાતની શંકાને [illegible] પ્રાપ્તિમાં કોઇ પણ જાતના સંદેહને સ્થાન આપવું જોઇએ નહિ. ભગવાને બતાવેલો માર્ગ ભ[illegible] છે અને તેજ ઐહિક જીંદગીમાં આલંબન છે. તેમનો ભાખેલો એક દરેક તે પણ સર્વ રીતે પૂજ્ય છે કારણ કે પ્રભુ સર્વજ્ઞ હતા, સર્વદર્શી હતા. કોઈ પણ જાતની સ્વાર્થનિષ્ઠા કે વાસનાથી અયુક્ત હતા. કેવળ નિષ્કામી, વિશ્વ ઉપકારી અને વિશ્વવંદ્ય હતા. આવી ઉચ્ચ ભાવનાને સ્થાન આપી તેમનું વચન, મન વચન અને કાયાથી પ્રમાણભૂત જાણવું અને તેમના બતાવેલા શુદ્ધ ભાવ જાણી તેમાં યથાશક્તિ પ્રવર્તન કરવું એજ અનંતજીવન પ્રાપ્તિનો ઉચ્ચ માર્ગ છે. ભગવાનનું વચન યથાતથ્ય માનવાથી શ્રદ્ધાનો આવિર્ભાવ થાય છે અને શ્રદ્ધાનો આવિર્ભાવ થતાં સમકિતનું બીજ રોપાય છે. માટે પ્રથમ શાંતિ રૂપી મહેલના શિખરે ચઢનારે શુદ્ધ અને અવિશુદ્ધ ભાવો જાણવા જોઇએ. મોઢું કાળું હોય છે કે ગોરૂં તે જેમ ચાટલાથી જણાય છે, દુધમાં કચરો જેમ ગળવાથી નીકળે છે તેમજ શુદ્ધ અવિશુદ્ધ ભાવો જાણવાનું પ્રથમ જ્ઞાન કરવાથી શુદ્ધ પ્રવૃત્તિનો સમારંભ થાય છે અને શુદ્ધ પ્રવૃત્તિનો સમારંભ થતાં મલીન વાસનાઓનો પરાજય થાય છે. માટે પ્રભુએ કહેલ પ્રથમ શુદ્ધ અવિશુદ્ધ ભાવો ઓળખવાને માટે જ્ઞાન સંપાદન કરવું જોઇએ. તે વિના જે કંઈ કષ્ટ ક્રિયાઓ કરવામાં આવે છે, દેહદમન કરવામાં આવે છે, વિધવિધ જાતના વેષો ધારણ કરવામાં આવે છે, તે સર્વ છાર ઉપર લીંપણના જેવું છે. ગધેડા ઉપર જેમ અંબાડી શોભે નહિ તેવી રીતે તે ભાવોનું જ્ઞાન કર્યા વિના, તેને અંતરના દિવ્ય જ્ઞાનથી વધાવી લીધા

વિના સર્વે ક્રિયાઓ અફળ થાય છે માટે શુદ્ધ અને અવિશુદ્ધ ભાવો જાણવાને ષટ્ દ્રવ્ય, નવતત્વ, નય સપ્તભંગી, નિક્ષેપાનું સ્વરૂપ જાણવું જોઇએ. તેનું અધ્યયન દિનપરદિન કરવું જોઇએ. કારણ કે શુદ્ધ અવિશુદ્ધ ભાવો જાણવાને તે આદર્શની સમાન છે માટે મુમુક્ષુ જીવોએ અનંત જીવનના અભ્યાસીઓએ પ્રથમ પદ (પગથીઉ) તરીકે તેનું અધ્યયન કરવું જોઇએ. જેથી સારાસાર, હેય જ્ઞેય અને ઉપાદેય વસ્તુઓનું સ્વરૂપ જણાશે, અને આત્માનું સાર્થક થશે. હવે ઉપર બતાવેલું સદ્જ્ઞાન પ્રાપ્ત કરવાને આપણને શુદ્ધ દેવ અને શુદ્ધ ધર્મનું ભાન કરાવવાને માટે જેમ કોઈ ભૂલેલા મુસાફરને જાણીતો આદમી રસ્તો બતાવે છે; તેવી રીતે આપણે આ દુનિયામાં જે ભુલા પડયા છીએ તેને પરલોકનો સદ્રસ્તો બતાવવાને ગુરૂની જરૂર છે કારણકે નૌકા જેમ સુકાની વિના ચાલતી નથી તેમ આપણે પણ ગુરૂના આલંબન વિના આ ભવનો નિસ્તાર કરવામાં અસમર્થ છીએ. માટે સદ્ભાવોનું સ્ફુટન કરાવવાને માટે અને અવિશુદ્ધ ભાવોનો લય કરાવવા માટે સુગુરૂની અનિવાર્ય જરૂર છે. **गुरु विना नहिं ज्ञानः** ગુરૂ વિના પ્રાયે કરી જ્ઞાન થવું ઘણું કઠિન છે. માટે સદ્જ્ઞાનનો રસ્તો સુચવવાને દ્રવ્યાનુયોગનું જ્ઞાન કરાવવાને પ્રથમ માથે ગુરૂ સ્થાપિત કરવા એ ઘણું અગત્યનું છે. હવે તે ગુરૂ કેવા હોવા જોઇએ. તેના માટે શ્રીમદ્ આનંદઘનજી મહારાજ શું કહે છે તેનું વિવરણ હવે પછીના અંકમાં. (અપૂર્ણ.)

# अमारी नोंध.

**गुजराती साहित्य परिषद्**—ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ કરવાના હેતુપૂર્વક ઉત્પન્ન થયેલી આ પરિષદ્‌ની આગામી બેઠક સુરત ખાતે બહુજ થોડા સમયમાં મળનાર છે, અને તેમાં ભાગ લેવા હરકોઈ ગુર્જર ભાષા બોલનારી વ્યક્તિઓને રસ ભર્યો ભાગ લેવા માગીર્ તી કરાઇ છે. જેનો સ્વિકાર ગત પરિષદો કરતાં આ વખતે વધુ થયેલો જોવાશે તોજ ગુર્જર વિદ્વાનો આગળ વધે છે અને ગુર્જર સાહિત્યની ખીલવણી માટે વ્યાજબી લાગણી ધરાવે છે તેમ કહી શકાશે.

હિંદુ—મુસલમાન—પારસી અને જૈન આદિ કોમના વિદ્વાનો પોતાના પૂર્વાચાર્યો અને મહા પુરૂષોએ ગુર્જર ભાષામાં જે જે સાહિત્ય રચ્યું હોય અને વિસ્તાર્યું હોય તેનું સંશોધન કરી આવી પરિષદો મારફતે બહાર લાવશે તોજ જગત તેઓના પ્રયત્નને યોગ્ય ન્યાય આપી શકશે. બાકી પ્રયાસ કરવામાં આવે નહિ અને અમને યોગ્ય ન્યાય મળતો નથી એમ કહેવામાં આવે તો પોતાના હાથે પોતાની નબળાઈ બતાવી આપવા જેવુંજ કહેવાશે.

જૈન સાહિત્યે ગુર્જર સાહિત્યમાં બહોળો ફાળો અર્પેલ છે એમ જૈનોજ નહિ પણ જૈનેતર વિદ્વાનોએ સ્વમુખે કબુલ કર્યું છે અને પરિષદ્‌ના પ્રમુખોએ જૈન સાહિત્યની અપૂર્વતા અને વિશાળતા જણાવી છે. તે જો કે જૈનોને માન ભર્યું છે પણ વર્તમાન સમયે વિશેષ પ્રકાશ પડે અને જૈનેતર વિદ્વાનો જૈન સાહિત્યના અભ્યાસી બને એવા પ્રયત્ન ખુદ જૈનો તરફથી વિદ્વાન મુનિરાજો અને વિદ્વાન ગૃહસ્થો તરફથી અવશ્ય થવા જોઇએ છીએ. જેમ થવાથી અન્યોઅન્યને ઘણો લાભ થવાનો સંભવ છે.

જૈનોએ દરેક પરિષદ્ વખતે નિબંધો ઇત્યાદિ વડે ગુર્જર સાહિત્ય પરિષદ્‌માં ભાગ લીધો છે ખરો પણ બહુજ અલ્પ પ્રમાણમાં, તેથી આગામી બેઠકમાં વધુ પ્રમાણમાં ભાગ લેવાય તોજ આપણે આપણા વિદ્વાનો આગળ વધવાની જીજ્ઞાસા ધરાવે છે એમ કહી શકીશું. થોડાક પણ ઉત્તમ નિબંધો રજુ કરવા શું જૈનો અવકાશ નહિ મેળવે? જૈન કૉન્ફરન્સ હેરલ્ડના તંત્રીએ આ વર્ષે જૈન ઇતિહાસ અને સાહિત્યનો ખાસ અંક કાઢવાની ઇચ્છા પ્રગટ કરી છે. તે સાથે લેખો લખી મોકલનારાઓની અનુકૂળતા અર્થે જૂદી જૂદી બાબતોને સૂચવનારા ૩૮ વિષયો ઇતિહાસ સંબંધી તથા ૩૦ વિષયો સાહિત્ય સંબંધી સૂચવ્યા છે. જે ઉપર અમારા પૂજ્ય મુનિરાજો અને સાહિત્ય વિષયમાં ભાગ લેનારા જૈન બંધુઓ ધ્યાન આપશે અને સુંદર લેખો લખી મોકલશે તો આગામી પરિષદ્‌માં રજુ થવા સાથે હેરલ્ડનો ખાસ અંક વધારે ઉપયોગી થઇ પડશે. ઇચ્છીશું કે મહાવીર અંકની માફક તંત્રીને લેખકોના પ્રમાદ માટે બે શબ્દ લખવાનો આ વખતે અવકાશ ન મળે.

પરિષદ્ ચાલુ માસની આખર તારીખે નક્કી મળનારી છે છતાં છેલ્લા સંજોગો જોતાં અને બહુ ગરમી તથા સુરતમાં પ્લેગ ચાલે છે તેને લઇ સમય લંબાશે તો ચાતુર્માસની સ્થિરતામાં આપણા પૂજ્ય મુનિવરોને નિબંધો લખી મોકલવાનો તથા ભરવામાં આવનાર પ્રદર્શનમાં રજુ કરવાને માટે ખાસ જુની પ્રતો મેળવી મોકલવાનો વધારે અવકાશ મળી શકશે.

પરિષદ્‌ના કાર્ય વાહકોને છેવટે સૂચના કરીશું કે 'બહુ વિદ્વાનો ત્યાં બહુ મતાંતરો' એમ કહેવડાવવાનો પ્રસંગ પ્રાપ્ત થવા ન દેતાં થોડું થાય-ઢીલથી થાય પણ નિર્મળ હૃદયથી કરાય અને આગળ વધાય તેવા માર્ગે નિયમસર કાર્ય કરાય તો ગુર્જર સાહિત્યની આપે યથાશક્તિ સેવા બજાવી કહેવાશે. માટે શાન્તતાપૂર્વક આવેલા પ્રસંગને દીપાવવામાં પાછા પડશો નહિ.

**जैन महिला समाज अने कळा कौशल्य प्रदर्शनः**—મુંબઇ મધ્યે પાંચ વર્ષ ઉપર સ્થાપન થએલી આ સમાજે ગયા ફાગણ માસ મધ્યે સ્ત્રીઓ અને બાળાઓના હસ્તે થએલા ભરત-ગુંથણ-શીવણ ઇત્યાદિ કામોના નમુનાઓ એકઠા કરી એક પ્રદર્શન ખોલ્યું હતું. જેનો ઇનામી મેળાવડો શ્રીમતી જમનાબેન સક્કાઇના પ્રમુખપણા નીચે હમણાંજ કરવામાં આવ્યો હતો. જે વખતે રજુ થએલા અહેવાલ અને થએલ વિવેચનો ઉપરથી જૈન સ્ત્રીઓ આટલી બધી ઉમંગપૂર્વક આગળ વધી પુરૂષોને પણ ભૂલાવે તેવું કામ કરી બતાવવાની આશા થોડાકોએજ રાખી હશે એમ કહેવું પડે છે. કેમકે કોઇ વખત આવું કાર્ય કરેલું નહિ છતાં બહુજ અલ્પ ભુલોને બાદ કરતાં ઘણુંજ વખાણવા યોગ્ય કાર્ય જૈન મહિલા સમાજે કરી બતાવ્યું છે એમ કહેવાય છે. સમાજે ત્રણ વર્ષ પછી બીજું પ્રદર્શન ભરવાની ઉમેદ રાખી છે. જે વખતે આથી વધારે સારૂં કાર્ય કરી શકાય તે માટે સ્ત્રી સમુદાય અત્યારથીજ ઉત્સાહવંત રહી તે માર્ગે પ્રયાસ ચાલુ રાખશે એમ ઇચ્છીશું અને હવે પછી કરવાનાં કામો તરીકે સં. ૧૯૭૦ ની સાલનો રીપોર્ટ પ્રગટ થયો છે તેમાં ઉમેદો રાખી છે તે માર્ગે પ્રયત્ન ચાલુ રખાશે તો મહિલા સમાજે સારૂં કાર્ય કર્યું કહેવાશે. રીપોર્ટ જોતાં તેના સભાસદોની સંખ્યા **૨૫૨** ની છે, જે આગલા વર્ષ કરતાં ૧૮ નો વધારો સુચવે છે તે સંતોષકારક છે; છતાં મુંબઇની વસ્તીના પ્રમાણમાં ઓછી છે એમ તો કહી શકાય. મુંબઇની શ્રીમંત જૈન બ્હેનો ધારે તો પેટ્રન વર્ગ અને લાઇફ વર્ગમાં એટલો બધો વધારો કરી શકે તેમ છે કે જેનાવડે સમાજ ધારે તે કાર્ય કરી શકે.

છેવટે ઉમેદ રાખીશું કે સમાજની લાયબ્રેરીનો લાભ ગત વર્ષે ૧૬૬ બ્હેનોએ લીધો છે. તેમાં ઘણો મ્હોટો વધારો થાય અને સમાજની સભાસદ બ્હેનો પોતાની સ્ત્રી તરીકેની ફરજો વધારે સારા પ્રમાણમાં બજાવવાનું શીખી હવે પછીની જૈન પ્રજાને બળવાન અને બુદ્ધિમાન બનાવવાને ભાગ્યશાળી બને એવું જોવા ઉત્સુક છીએ.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**ની સ્થાપના અને ફંડ ભરાવવાની શરૂઆત થવા પછી મુંબાઇની–અને ખરી રીતે જગતની–સ્થિતિ જુદીજ થઇ જવાથી તે કાર્ય ઢીલમાં પડવાની ગણત્રી થઈ હતી, છતાં કેટલાક ગૃહસ્થોના ઉત્સાહવડે શરૂઆતમાં જણાવેલ વ્યવસ્થામાં થોડાક ફેરફાર સાથે મુંબઈ પાસે મલાડ મધ્યે આવતા જુલાઇ માસથી કાર્યની શરૂઆત થવાની ગોઠવણ થઈ ચુકી છે અને તે માટે શેઠ દેવકરણ મુળજીએ પોતાનો બંગલો કામચલાઉ વાપરવા દેવાની ઉદારતા બક્ષી છે. તેજ રીતે તેનો ધારેલો હેતુ પાર પાડવા ભાઇ મોતીચંદભાઇએ તે સંસ્થાની લગામ પોતાના હસ્તક લીધી છે તે યોગ્યજ થયું છે અને તે માટે ખાત્રી રાખીશું કે તેઓ ગમે તે ભોગે પણ તેને ફતેહમંદ બનાવવાને ચુકશે નહિ એવું ઇચ્છીએ છીએ.

દાખલ થનાર વિદ્યાર્થીઓને–જૈન ધર્મના ખરા સંસ્કારી–શ્રદ્ધાવાન અને ઉત્તમ ચારિત્રવાન બનાવવાનો મુળ હેતુ ધ્યાનમાં લેતાં સુપ્રિન્ટેન્ડેન્ટની નીમણુંક બહુ સંભાળભરી રીતે કરવાની જરૂર છે. એ વ્યવસ્થાપકોએ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તે સાથે વિદ્યાર્થીઓને હાલમાં ધારેલું સ્થળ લંબાણ અને જવા આવવાની હાડમારીવાળું જણાય તો મુંબઈ મધ્યે કોટમાં કે પ્રીન્સેસ સ્ટ્રીટ જેવા હવાવાળા લત્તામાં છેક ઉપરના કોઇ માળે ભાડું ખર્ચીને બદલી નાખવાનું ચુકવા જેવું નથી. કેમકે તેટલું અથવા તેથી થોડુંક ઓછું ખર્ચ વિદ્યાર્થીઓ માટે રેલ્વે પાસ ખરીદ કરવામાં થવાનું ધારી શકાય છે, તથા મેનેજીંગ કમીટી અને સેક્રેટરીઓ આદિ વધારે વખત તેની મુલાકાત લઇ શકે એવી વ્યવસ્થા થાય તે ઇચ્છવા જોગ છે એમ કહી અંતે આ વિદ્યાલયનો વિજય ઇચ્છીએ છીએ.

**જૈન વનિતા વિશ્રામ**—આ નામે એક ૬ પૃષ્ટની નાની બુક તેનાં સંચાલક બ્હેન વાલીબાઇ વીરચંદ તરફથી પ્રગટ થયેલી પ્રાપ્ત થઇ છે. જેમાં જૈન વનિતા વિશ્રામની જરૂરીઆત સંબંધે વિવેચન કર્યા બાદ તેઓએ સુરતની વનિતા વિશ્રામ સાથે મળી કરેલી શરૂઆત અને આવક જાવકની હકીકત તથા દાખલ થનાર માટે નિયમો ઘડયા છે તે જણાવ્યું છે. અમારે કહેવું જોઇએ તે બ્હેન ઘણા સમયથી શિક્ષકનું કામ કરતાં હોઈ થોડા વર્ષથી વિધવા બન્યા બાદ પોતાની કોમની વિધવા બ્હેનોની દુઃખી સ્થિતિ સહકાર્યો વડે દુર કરવાનો માર્ગ હાથ ધરવા ઇચ્છતાં હતાં, જેના પરિણામે સુરત શહેરમાં આ સંસ્થાને જન્મ આપ્યો છે. આ કાર્ય એકલા હાથે પાર પડે તેમ ન હોવાથી સુરતની શ્રીમંત બ્હેનોને દ્રવ્યનો અને જાતિ મહેનતનો આ સંસ્થા માટે શ્રીમતી વ્હાલી બ્હેન જોડે યથાશક્તિ ભોગ આપવાને બ્હાર પડવા સૂચવીશું. આ વિનંતિ પત્રમાં અમુક રકમનો હિસાબ આપવામાં આવ્યો છે પણ તે કઇ મુદત સુધીનો છે તે જાણી શકાતું ન હોવાથી તે વિષે કંઇ વિવેચન કરવું ઉચિત નથી ધાર્યું, પણ હવે પછીનો અહેવાલ વધારે સારા રૂપમાં પ્રગટ થાય તેમ કરવાની તથા તે બાબતની વ્યવસ્થા કરવાની ખટપટમાંથી વ્હાલી બેનને મોકળાં કરવાની ફરજ સુરતમાં સ્થાયી રહેતા ઉમંગી અને લાગણીવાળા જૈન બંધુએ બજાવવાની જરૂર છે.

# स्विकार अने अवलोकन.

**मुंबई जैन महिला समाज**—રીપોર્ટ સં. ૧૯૭૦ પૃષ્ટ ૧૨ પ્રગટ કર્તા–માનબાઇ દેવજી ઓ. સેક્રેટરી. રીપોર્ટ ઉપરથી જોતાં આ સંસ્થાની સ્થાપના સં. ૧૯૬૬ ની ધનતેરસે થયેલી છે, અને ધીમે ધીમે આગળ વધી ૨૫૨ સભાસદો ધરાવતી થઇ છે. આવકના પ્રમાણમાં કાર્ય ઠીક કરતી જણાય છે. રીપોર્ટમાં કળાકૌશલ્ય પ્રદર્શનની ઇચ્છા પગટ થઇ છે, તેનો અમલ પણ થઈ ચૂક્યો છે અને તે ફતેહમંદ નીવડ્યો છે. એ ઉપરથી એમ ધારી શકાય છે કે મુંબઇની શ્રીમંત અને ભણેલી જૈન બ્હેનો ધારે તો સમાજને ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળની પંક્તિએ મુકી શકે અને એક ખાસ મકાન પણ ઉભું કરી શકે, કે જે માટે હાલ ઘણી હાડમારી ભોગવવી પડે છે. અત્યાર સુધી લવાજમ ખાતે માત્ર ૪૧૪–૯–૦ નો વધારો જોવાય છે. દક્ષિણ આફ્રિકા ફંડ ખાતે સમાજની સભાસદ બ્હેનોએ રકમ ભરી મોકલાવ્યાનું રીપોર્ટ ઉપરથી જણાય છે. આવી રીતે **ગરીબ અને અપંગ સ્ત્રીઓને તથા વિધવાઓને અને સ્ત્રી વિદ્યાર્થીઓને સહાય આપવાનું** કાર્ય સમાજ હાથ ધરવાની ઉમેદ પ્રગટ કરે છે તે આવકારદાયક છે.

* * * * *

**आनंदकाव्य महोदधि**—મૌક્તિક ૧–૨–૩. યોજક શેઠ જીવણચંદ સાકરચંદ ઝવેરી તરફથી શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ મારફતે પ્રગટ થયેલું છે જે અભિપ્રાયાર્થે મળ્યાં છે. જૈન રાસાઓને પ્રગટ કરવાને આ ફંડે સારો પ્રયાસ હાથ ધર્યો છે અને તેમાં ઝવેરી જીવણચંદે પોતે જે રસ ભર્યો ભાગ લેવા માંડ્યો છે તે જોતાં અને ફંડની મોટી આવક તરફ ખ્યાલ કરતાં આશા રાખી શકાય છે કે બહુજ થોડા સમયમાં તેઓ ઘણાં મૌક્તિક બહાર પાડી શકશે. પ્રાપ્ત થયેલાં ત્રણ મૌક્તિક માટે સવિસ્તર સમાલોચના કરવાનો અવકાશ લેવા ઇચ્છતા હોવાથી અત્રે માત્ર આટલીજ નોંધ લેવી યોગ્ય ધારી છે.

* * * * *

**વિમલ પ્રબંધ:**—સંશોધક અને પ્રકાશક રા. રા. મણિલાલ બકોરભાઈ વ્યાસ. સુરત; નાગર ફળીઆ. પૃષ્ઠ ૧૧૨+૩૮૮ (૫૦૦) મૂલ્ય રૂ. ૧–૪–૦. પં. લાવણ્ય સમયકૃત આ પ્રબંધનો લેખનકાળ સં. ૧૫૬૮ થી ૧૫૮૪ નો છે. ગ્રન્થ વિષે અને સંશોધકની લેખ પદ્ધતિ તથા ઉપોદ્ઘાત વિષે સારી રીતે વિવેચન કરવાની જરૂર છે. કારણ તે સર્વે ઘણું ઉત્તમ છે. અવકાશે તેમ કરવાની જીજ્ઞાસા છે.

* * * * *

**કુલક સંગ્રહ:**—શ્રી જૈનશ્રેયસ્કર મંડળ તરફથી–મ્હેસાણા.

**કમળીની:**—સુંદરી સુબોધના દશમા તથા બારમા વર્ષની ભેટ. તેના વ્યવસ્થાપક તરફથી–અમદાવાદ.

**લવંગલતા યાને કુસુમકુમારી:**—સંપાદક પુરૂષોત્તમ ગીગાભાઇ શાહ તરફથી–ભાવનગર.

**દિવ્ય કિશોરી:**—કવિ શંકરલાલ મગનલાલ વ્યાસ તરફથી–નાંદોલ.

**દિવ્ય રંભા:**—ગણપતિરામ ઉત્તમરામ ભટ્ટ, પ્રયોજક વાર્તાવારિધિ તરફથી–અમદાવાદ.

( અભિપ્રાય હવે પછીથી )

# પ્રેમઘેલા પ્રવાસીનું પવિત્ર જીવન.

( ગતાંક પૃષ્ઠ ૨૫ થી ચાલુ. )

## બાંદીની બેઅદબી !

હમે ન્હોતું જાણ્યું, ચરણ ચૂમતાં લાત પડશે !
હમે ન્હોતું જાણ્યું, હૃદય મળતાં રોવું પડશે !
પ્રીતિના વ્હેળામાં, ભયંકર અહો આગ બળશે !
અને અંતે આળાં, જીવન અમ સૌ ખાખ મળશે ! ! !

**પાદરાકર.**

ઘણીવાર સુધી એના એજ તાનથી સાકી સુરભરી મોહન મધુરી બંસી કરણ રાગની મૂર્છના રોવા લાગી.

" દુઃખુવામેં કૈસે કહુ મેરી સજની ! "

કેવળ બંસીજ રોઇ એમ નહતું. સાકી પણ સાથે " હૃદય તજ્યું સુખ દ્વારથી. " સૂઇ ગયેલી સુન્દરી સેલીમાના મ્હોં સામુ જોઇ ગાયન પુરૂ થતાં રોઈ, અને તેની મુખપ્રભાથી ઓપતા પલંગની કોરપર ધીરે રહીને બેઠી. શિરાઝીના ત્નેમથી, ગુલાબી ગાલો-પર લોહી એકઠું થવા માંડયું અને તે પરની સુરખીમાં અજબ રતાશ ઉમેરાઇ, પરવાળીને લજાવે તેવા તેના અધર શરાબની ખૂમારીથી ફડફડતા હતા. મન્દ પવનથી જેમ કોમળ વેલડી કંપ્યા કરે, તેમ સેલીમાનું હૈયું ધીરૂં ધીરૂં ધબકતું, અને શ્વાસોચ્છ્વાસની સાથે સિરાઝીની મીઠી તીવ્ર ગંધ ઉડતી હતી. કપાળ ઉપર સેંથી આગળની લટોની કીનારીએ મોતીદાણાની સેર જેવી પસીનાના બુન્દની હાર ગોઠવાઈ હતી.

સૌથી પહેલાં તો પાસે જઈ સાકીએ પોતાના છેડા વતે બેગમના મ્હોં પરથી શ્વેતબિન્દુ લૂછી નાખ્યાં.

લ્હોતાં લ્હોતાં ત્હેનો હાથ કંપી ઉઠયો, અને તે પલંગ પરથી દૂર જાઇ ઉભી. આંખો જાણે ભભકી ઉઠશે, હૈયુ જાણે ચીરાઈ પડશે, કંઠ જાણે કરમાઇ જશે, ને સમગ્ર જીવન જાણે પ્રભુપદનું પ્રવાસી બનશે ! એવાં એવાં વિચીત્ર ચિન્હો તેના દરેક અંગમાં ફરકી ઉઠયાં.

તે એકાંત ગૃહમાં ઉભી ઉભી સાકી કોણ જાણે શાએ વિચારમાં સ્થિર થઈ ગઈ. પરમસુખના મુગા ભાવ કદીક કદીક એવા હોય છે, પણ તેને બીચારીને શું ખબર કે—

શું જાણે કે પરવશ થઇ આંસુ છે ઢોળવાનાં ?
શું જાણે કે હૃદય ધરતાં ઘાજ છે લાગવાના ?
આ સંસારે પ્રથમ પ્રીતિએ કોણ જાણી શકયું છે ?
કે પ્રીતિનું રૂધિર સઘળું ઉષ્ણ અશ્રુ તણું છે ?

પાછી સાકી ધીરે ધીરે જઇ સેલીમાના પલંગ ઉપર બેઠી, અને તેથી પણ ધીરે ધીરે, અને ઘણીજ સાવધાની સાથે, બેગમના–સાકીના જીવન જેવી બેગમના શીરીન્ ખૂશબોભર ગાલપર એક ચૂમી લીધી. તેનાં નેત્રો અનન્ય પ્રકાશથી ચમકી ઉઠયાં. ગાત્રો ધ્રૂજી ઉઠયાં, તેનું હૈયુ હવે ઘણા જોરથી ધબકવા લાગ્યું. આખા શરીરમાંની નસેનસમાં લોહી જાણે વીજળીના વેગથી દોડાદોડ કરવા લાગ્યું. આજ સાકી જાણે સ્વર્ગમાં વિહરે છે. તેની અનંતકાળની તૃષા છીપતી હતી. તેના મનોરથોને મ્હોર આવ્યા હતા, તે કૃતાર્થ થઈ હતી. કેમ ! તે હવે જાણતા નથી !

સાકી જે બાજુ તરફ મ્હોં કરીને બેઠી તે તરફ સામેજ એક મોટો આરસો હતો. ઓરડામાં તે વખતે બધીએ બધી બત્તીઓનો ઝગમગાટ ઓલવાયો હતો નહિ. આતુર હૃદયની કેટલીક અપૂર્ણ આશાઓની પેઠમ કેટલાક દીવા સળગ્યા કરતા હતા.

સાકીએ નજર ઉઘાડી જોયું તો, સ્વચ્છ અને સુવાસિત ફુલોના હારથી સોહામણા લાગતા આરસામાં એક વિશાળ કપાળવાળો થોભાદાર મુચ્છોના ગુચ્છાવાળો પડછંદ પુરૂષની મૂર્તિ જણાઈ. અણધાર્યા સર્પ દંશથી જે હાલત થાય છે, તે અત્યારે સાકીની થઇ.

હવે તે નજર પાછી ખેંચી લેવાની હિંમત કરી શકી નહિ. મનમાં સમજી કે, આ જે માણસ ઓરડામાં આવેલો દિસે છે તેણે તેનાં બધાં કારસ્તાન દીઠાં હશે. બાદશાહી રંગમહેલમાં બંદોબસ્ત તો એવો પાકો રહેતો કે ત્યાં કોઈ પરાયુ આવી શકતું નહિ. ત્યારે આ માણસ તે ખૂદ બાદશાહ તો કદાચ નહિ હોય ?

સાકીએ ફરી નજર ઉપાડી તાકીને આરસામાંની મૂર્તિ તરફ જોયું. ખાત્રી થઇ કે, છાયા બાદશાહ વિના બીજા કોઇની હોઇ શકેજ નહિ. બાજુ પરજ એક મોટી તસવીર ટીંગાઇ રહી હતી, એકવાર તે તરફ નજર કરી, અને પાછું આરસામાં જોયું. એજ ! આબેહૂબ એજ ! એમ ખાત્રી થતાંને વાર સાકીના હોશ ઉડી ગયા. તે કંપી ઉઠી, અને બેહોશ થઈ પડી. જીવનની આશા સુદ્ધાંત ન રહી.

બેગમ ઘોર નિદ્રામાં સૂતેલી છે, અને એક બાંદી તેને વ્હાલભર્યું ચુંબન કરે છે તે જોઇ, પ્હેલું તો બાદશાહને હસવું આવ્યા વિના રહ્યું નહિ, ને મનને ઉલટો હરખ ભર્યો સંતોષ થયો કે ખૂબસુરતીના દાવામાં સેલીમા બેફરીક છે. બેહસ્તની પરીઓ પોતાની જીવન સખી સેલીમાથી વધુ સુંદર નહિ હોય !

સારી આલમનું નૂર એક મ્હારી સેલીમામાં છે. અદના ઓરત જાત પણ ત્હેની ખૂબસુરતી પર આશક થઇ પડે છે. આફ્રીન !

સાકીને જનાનખાનામાં નોકરી મળવાને ઘણો વખત થયો હતો નહિ, તેથી તે બાદશાહની નજરે આવેલી નહિ. બાદશાહે ત્હેને જોઇ આશ્ચર્યથી સવાલ કર્યો:—"કોણ છે, અયૂ ? આટલી મોડી રાત્રે, બેગમની બાજુપર પડી પડી શું બકતી હતી ?"

સાકીએ મનથીજ ઠરાવ કર્યો કે, જવાબ નહિ આપવામાંજ સલામતી છે. નહિ તો કમબખ્તી જરૂર આવવાની.

બાંદીને ચૂપ થઇ ગયેલી જોઇને બાદશાહની અજાયબીનો પાર રહ્યો નહિ. ખ્યાલ

કર્યો કે વખતે તે દિવાની તો નહિ હશે? ગુસ્સો બતાવી બાદશાહે સવાલ કર્યો:-" અય બાંદી, ચૂપ કેમ રહી છે? તું કોણ છે, અને આવે વખતે શું કરતી હતી?"

સાકીએ જવાબ આપ્યોઃ—" હું કોણ છું, તે ન કહી શકું તો જહાંપનાહ!"

આ બેધડક જવાબ સાંભળી હિંદુસ્તાનની સારી સલ્તનતનો માલેક ઘડિભર ચૂપ થઇ ગયો. વિસ્મીત બની ગયો અને તેણે કમરે લટકી રહેલી શમશેર પલકવારમાં બહાર ખેંચી કહાડી, તે ઝગમગતા દિવાના તેજમાં ઝળહળવા લાગી. પણ જરા વિચાર આવી જતાં, શમશેર મ્યાન કરી અને કહ્યું:-" ઔરતના લોહીથી, મ્હારી તેજીલી તલવાર ખરડાશે નહિ. આ બેઅદબીભરી ચાલને માટે, એક બાંદીજ ત્હારા ખૂલ્લા દિલપર ફટકાના મેહ વરસાવશે. એજ સજાને તું લાયક છું!"

તે વખત સુધી સાકીના હૈયાના ઉંડામાં ઉંડા અંતરમાં બચી જવાની આશાનું એક ઝીણું ઝાંખુ કિરણ સળગતું હતું. બાદશાહનો હુકમ મ્હોંમાંથી નીકળતાંજ, તેના હોંશકોશ ઉડી ગયા. તે ધ્રુજતે અવાજે બોલવા લાગી. "શહેનશાહ! મ્હારા લોહીથી આપની તેજીલી તલવાર લાંછિત નહિ થાય. કરો! ઘા કરો! કેમકે હું નામરદ ઔરત જાત નથી પણ આદમ બચ્ચો છું!"

આ તોપના ધડાકા જેવાં વજ્ર વચન શ્રવણ પુટપર અથડાતાંજ શહેનશાહ બાદશાહની આંખ ફાટી ગઇ. આંખમાંથી ગુસ્સાની આગના તણખા ઉડવા લાગ્યા. ફરી એકવાર પેલી તલવાર, મ્યાનમાંથી ઝણઝણાટ કરી બહાર નીકળી પડી પણ આ વખતે પણ શાહે પોતાના મીજાજપર કાબુ રાખી તેને મ્યાન કરી, અને અજાયબી સાથે ધ્રૂરકતે અવાજે તેઓ ગાજી ઉઠ્યાઃ-શું આદમી? આદમી મ્હારા રંગમહેલમાં? તે તે વળી આટલી રાત્રે? અય, કમજાત! મોતની સજા સુખ અને શાન્તિની છે. ત્હારાપર એ મ્હેરબાની ઘટતી નથી. એક બેહયા જલ્લાદની હાજરી સાથે, ગીધ કુત્તાં ત્હારી લાશપર મીજબાની ઉડાવશે! નાપાક! એ લાયક સજા થશે!!

સાકીના પગ ઢીલા થઇ ગયા. ખસવાની ઘણી ખાહેશ છતાં પણ, પગ ઉપડી શક્યો નહિ. મહામહેનતે તે બાદશાહના પગ આગળ જઇ પડી.

સેલીમા—પવિત્ર દેવી સેલીમા! સાકીનું જીવનધન સેલીમા આ વખતે સુખમાં ઘોરતી હતી. તેની તરફ બાદશાહ કરડી નજરથી જુએ છે, તે જાણી સાકીના હૈયામાં પહેલાં કદી નહિ સાંભળ્યું હોય તેવું જોર ઉભરાયું. તરતજ તે દ્રઢ પગે ઉઠીને ઉભી થઇ. અને સ્થિર નજરે બાદશાહ તરફ જોઇને બોલી: "શહેનશાહ જો આપનો હુકમ હોય તો, મ્હારો બધો હેવાલ આપની આગળ બયાન કરૂં? પછી ચાહ્ય તે હુકમ ફરમાવશો!

બાદશાહે પહેલાંનીજ માફક કરડે અવાજે જવાબ આપ્યો:-ઠીક! કહેવું હોય તે કહી લે, પણ તેથી તું મોતની સજામાંથી બચી નહિ શકશે!"

( અપૂર્ણ. )

# आदर्श रमणी चरित्र ।

## સતી સીતા.

૧.

સીતા એ પૌરાણિક દ્રશ્યની પ્રધાન પ્રતિમા, સીતા એ પૌરાણિક બાગનું પ્રધાન પુષ્પ; તેના હૃદયનું બળ, પતિપૂજા, સતીત્વ પ્રભૃતિ નારીધર્મ જે શાસ્ત્રોમાં વર્ણિત છે; તે વાંચતાં અન્તરમાં એ નિશ્ચય થાય છે કે, આવી સતી—સાધ્વી રમણી અન્ય કોઇ પ્રદેશમાં પ્રાદુર્ભુત થઇ નથી. અન્ય કોઇ જાતિના ઇતિહાસમાં સીતા સમાન નારીનો ઉલ્લેખ અવલોકવામાં આવતો નથી. પાપના બીભત્સના મધ્યમાં પ્રલોભન અને ભયથી વીંટાઇને તેણે જે ચરિત્રની પરાકાષ્ઠા દર્શાવી છે; તે અન્ય કોઈ ઇતિહાસમાં અવલોકવામાં આવતી નથી. કદાપિ આધુનિક લોકો તેઓનું ચરિત્ર કાલ્પનિક કહિ શકે; કિન્તુ પ્રકૃત પક્ષમાં જે તે ઉચ્ચશિક્ષા પૂર્ણ તે સર્વ સ્વીકારશે. સ્વામીએ ચરિત્રમાં સન્દેહ કરી આ કાળને માટે ત્યાગ કર્યો; કિન્તુ પોતે તે સર્વ વીસારીને જગત્ સ્વામીમય અન્ય કોણ જોઈ શકે ? કેટલી રમણી પદદલિત થઇને, ઉપેક્ષા પામીને, જે સ્વામી અનાદર કરે છે, જે સ્વામી ચરિત્રમાં દોષારોપ કરે છે; તેઓની સ્મૃતિ–જીવનનો હાર, સુખનું એક માત્ર અવલમ્બન માનીને ગ્રહણ કરી શકે ? નિવિડ શ્વાપદસ વનમાં ભયાનક હૃદય વિદારક યંત્રણાના મધ્યમાં લક્ષ્મણે જ્યારે સીતાને મૂકી દીધી–ત્યારે તેના મુખમાં અન્ય વાત નથી–પવિત્ર નારીના મુખમાં પોતાની વાત નથી “ **કેવળ પરજન્મમાં રામના સમાન સ્વામી જોઇએ–તેઓ મને ક્ષમા કરે** ” એ મૂલમંત્ર જપીને કેટલી સ્ત્રીઓ જીવન વ્યતિત કરી શકે ? જે રમણી અસૂર્યસ્પર્શ્યરૂપા, જેઓ આહાર કષ્ટ શું કહેવાય તે જાણતા નથી, ગર્ભાવસ્થામાં જેઓને પ્રસન્ન રાખવાને માટે કલ્પનિક અશોકકાનન સહસ્ત્ર સહસ્ત્ર રૂચિકર પદાર્થો જેઓની ક્રિડાની સામગ્રી જેઓ કેવળ હર્ષના હિંડોળામાં હિચકતાં, શોક શું પદાર્થ છે તે જાણતા ન્હોતા, તેઓ પાંચ માસનો ગર્ભ ધારણ કરીને નિદારૂણ કષ્ટે ભીષણ વનમાં દીનાતિપાત કરે છે. ભયાનક કષ્ટમાં પણ તેના મુખથી એકવાર પણ શબ્દ નિકળ્યો નહિ કે, “ સ્વામી બહુજ કઠોર ” કેવળ નેત્રના જલવડે ભૂમિ ભીંજાઈ ગઈ બીજી વાત નહિ. જેને પુત્ર થશે તે સમયે સમ્પૂર્ણ અયોધ્યા આનન્દિત થશે એમ અનુમાન થતું હતું, જેને માટે અસંખ્ય રત્નરાશિઓનું આયોજન હતું; તેજ પુત્ર રત્ન આજ નિર્જન વનમાં ઉત્પન્ન થયા. સીતાએ શય્યા–બીછાનાના અભાવે પુત્રને પુષ્પચય ઉપર સુવરાવ્યા. સીતાના મુખમાંથી દીર્ઘ નિશ્વાસ પૂર્વક કેવળ એજ શબ્દ નિકળ્યો “ મારી આશા હતી કે, રામના ખોળામાં પુત્ર અર્પણ કરીશ. ” અહો ! ! આવી અસાધારણ સ્વાર્થ–ત્યાગ અમાનુષિક સહિષ્ણુતા કેટલા માણસોમાં જોયેલ છે ? કોઈ ઇતર દેશના ઇતિહાસમાં આવા પ્રકારનું ચરિત્ર જોવામાં આવે છે ? રમણીનું હૃદય સ્નેહ અને ભક્તિથી ભરપૂર એ વાત કોણ સ્વીકાર કરશે નહિ ? એમ કોણ ઉંચું મુખ કરીને કહી શકનાર છે કે, રમણી શિક્ષાના આદર્શ સ્થાનીયા નથી ? સીતાના હૃદયમાં જે ગુણ જોવામાં આવે છે. તેના હૃદયમાં જે સુરત્નોનું પ્રશસ્ત કાનન તે ક્યાંય

પણ સંસારમાં જોવામાં આવે છે ? એક જણ સુખી રહેશે એમ ધારીને કોણ પોતાનું સુખ, પોતાનું અસ્તિત્વ પર્યન્ત પણ વિસર્જન કરવા તત્પર થઈ શકે ?

૨.

જે સમયે રામને વનગમનની આજ્ઞા થઈ વનગમનની સર્વ તૈયારી થઇ ગઇ અને રામ સીતાના સમિપમાં વિદાય માગવા ગયા; તે સમયે સીતાના મુખમાં અન્ય વાત નથી. તે છાયાની માફક અનુગમ કરશે એજ તેની એકાન્ત ઇચ્છા. રામે ઘણુંક સમજાવ્યું—અનેકવાર કહ્યું. વનવાસનું કષ્ટ તેઓનાથી સહન થઇ શકશે નહિ. તે દુઃસહ યાતના રમણીને માટે નથી; પરન્તુ તેથી સીતાના અન્તરનું સમાધાન થયું નહિ.—હૃદયને સમજાવી શકી નહિ. સ્વામીજ તેઓનું જ્ઞાન, સ્વામીજ સુખ, સ્વામીજ ઘરેણા. સ્વામીના પશ્ચાત્ ગમનજ સતીનું એકમાત્ર વ્રત; તેણે કેવળ એટલુંજ કહ્યું કે, છાયા શરીરના અનુગમન કર્યા સિવાય રહિ શકે નહિ. સ્ત્રી સ્વામીના સુખે સુખી, દુઃખે દુઃખી, સ્વામી પૂજાજ જેઓનો એકમાત્ર ધર્મ. સ્વામી તેની વાત સાંભળ્યા વિના રહી શકે શું ? રામચન્દ્રે સ્વીકાર્યું. સીતાએ સમુદય પરિચ્છદ અલંકાર વગેરે પરિત્યાગ કરીને વલ્કલ વસ્ત્ર ધારણ કર્યા. આ સમયે સીતાના હૃદયમાં ઉત્સાહ કે સ્વામીના દુઃખની સહચરી થઇશ. જે યાતના જીવનમાં સાંભળેલ નહિ તેનો સેંકડોવાર અનુભવ કરવો પડયો; તથાપિ તેની એકમાત્ર એજ અભિલાષા કે, સ્વામીના સંગાથે છાયારૂપી થઇને દીનાતિપાત કરશું. પ્રિયપાઠક ! દણ્ડક કાનનું દ્રસ્ય મનમાં આવવાથી કોના મનમાં ઉત્કૂલતાનો ઉદય થાય નહિ ? રામચન્દ્ર યોગીનો વેશ ધારણ કરીને પીતાની આજ્ઞાના પાલનને માટે અતુલ સુખ, હિમાચલ સમાન ધનરાશીનો તૃણવત પરિત્યાગ કરીને વનમાં ફલ મુલ આહાર દ્વારા જીવન ધારણ કરેલ છે. સીતા તેના દુઃખની સહધર્મિણી સેવા કરે છે. એ પવિત્ર દ્રસ્ય દેખવાથી કયું હૃદય વિગલિત થાય નહિ ? કોના મનમાં પવિત્રતાનો આવિર્ભાવ થાય નહિ ? જીવનાદર્શ સ્વામીને અર્થે સદા સર્વદા સ્વસુખનું ચિન્તવન પર્યન્ત ન કરે તેવી રમણિઓ જગતમાં કેટલી છે ? હિરક ખચિત અલંકાર જેઓના અંગમાં શોભા પામતા હતા, પટવસ્ત્ર જેઓને પહેરવાનાં વસ્ત્ર હતાં, તેઓજ આજે વનફુલ ભૂષણ અને વૃક્ષ પત્રનાં વસ્ત્ર ધારણ કરી ઘોર અરણ્યમાં સ્વામી પૂજા રૂપ મહાવ્રતમાં દિક્ષિત થયેલાં છે. સીતાએ વીકટવનમાં સ્વામી સેવાનો આરમ્ભ કર્યો; એ શું શિક્ષા લેવા લાયક નથી ?

૩.

અગ્નિ પરીક્ષા સીતાના જીવનની એક એઇ ઘટના સર્વના સન્દેહ દૂર કરવાને માટે રામે પરીક્ષા લેવાનું મન કર્યું. લક્ષ્મણ દુઃખી થયા. હનુમાનજીનું હૃદય દુઃખમાં જર્જરીભૂત થયું; કિન્તુ સીતાના મુખમાં બીજી વાત નથી—તેણે પ્રકૃત સતીની માફક પરીક્ષા આપવાનું સ્વીકાર્યું. સ્વામીનો સન્દેહ દૂર કરીશ એજ તેની અભિલાષા. અગ્નિમાં પ્રવેશ કરીને જેમની તેમ અગ્નિ કુણ્ડમાંથી બહાર નિકળી. સર્વ આશ્ચાર્યાન્વિત થયા. સતીનું સતીત્વ નિરૂપિત—પ્રમાણિત થયું.

હૃદયનું ખરું બળ ન હોવાથી આવું કઠિણ કાર્ય કરી શકાય નહિ. હૃદયની સરલતા વિના ભીષણ અગ્નિમાં પ્રવેશ કરી શકાય નહિ.

રામાયણમાં વર્ણવેલા સીતાના ચરિત્રની આલોચના કરતાં અનેક ગુણગરિષ્ટોનું નિદર્શન

---

આ લેખ ભેદ દૃષ્ટિએ લખાયલો છે. ગુણાનુરાગ દૃષ્ટિને લઇને તેને અત્ર સ્થાન આપવામાં આવ્યું છે. દરેક બ્હેનોએ તેમાંથી મળતા સારનું ગ્રહણ કરવું એજ તેમની ઉન્નતિના ઉદયસૂચક પગલું છે.

થાય છે. જેની ગણના આ ક્ષુદ્ર લેખમાં કરવી સર્વથા અસમ્ભવ. સીતા એ પવિત્રતાની જ્વલન્તમૂર્તિ, સરલતા, મહત્વ પ્રભૃતિ ઉચ્ચગુણો તેના હૃદયના ઉત્તમોત્તમ હાર. પ્રલોભનના મધ્યમાં નહિ પડતાં ચરિત્રનું બળ દેખાડવું તેટલું કઠણ કામ નથી; કિન્તુ જેઓ અસંખ્ય વિભિપકા, અસંખ્ય પાપના મધ્યમાં રહીને ચરિત્રની નિર્મળતા રાખી શક્યા છે; તેઓજ જગતમાં પૂજ્ય ગણાયા છે એટલુંજ નહિ કિન્તુ તેઓનુંજ હૃદય પ્રકૃત પુણ્યનું આલય મનાયું છે. સીતામાં અમો આ દ્રષ્ટાન્ત સારી રીતે જોઇ શકીએ છીએ. રાવણના ઘરમાં રહીને અનેક પ્રલોભન પ્રાપ્ત થવા છતાં તેણે પોતાના પવિત્ર ચરિત્રને અપવિત્ર થવા દીધું નહિ. તેઓ પાપની પેટીમાં પુરાઇ જવા છતાં રામથી તીલાર્ધ પણ પૃથક્ રહ્યા નહોતા.

દુરાત્મા રાવણે તેઓને છેતરવાને માટે કેટલા યત્નો કર્યા–રામલક્ષ્મણના મૃત્યુના સંવાદ સંભળાવ્યા જેને સાંભળવાથી સીતા ભીતા થઇને તેનો આશ્રય ગ્રહણ કરે; કિન્તુ સતી સીતાનું હૃદય જરા પણ વિચલિત થયું નહિ. સતીનું સતીત્વ કોઇ પ્રકારે ક્ષુભિત થયું નહિ. સતીનું સતીત્વ સ્વરૂપ પણ અન્તર્હિત થયું નહિ. પુણ્યવતી સીતા કોઇ પ્રકારે રામની વિસ્મૃતિ કરી શકી નહિ.

૪.

સીતાના આવા અનેક અમાનુષિક ગુણોને અવલોકીને ઇતિહાસવેત્તાઓએ તેઓના જન્મના સમ્બન્ધમાં એવી આશ્ચર્ય ઘટનાનો ઉલ્લેખ કરેલ છે તેનાથી જે સર્વ ગુણો જોવામાં આવે છે તે સાધારણ મનુષ્યમાં ક્યારે પણ જોવામાં આવતા નથી તેથી તેઓ સીતાને પૃથ્વીની પુત્રી કહીને લખી ગયા છે. આ કલ્પનાનો અસ્પષ્ટ અર્થ એજ કે, પૃથ્વી જે પ્રમાણે અસાધારણ ત્યાગ સ્વીકાર કરી શકે, પૃથ્વી જે પ્રમાણે પરના અત્યાચારો સહન કરી શકે; તેની પુત્રી ન હોય તો સીતા આવા ગુણોનો પરિચય આપી "યત્પરો નાસ્તિ સહનશિલતા" કેમ દર્શાવી શકે? સીતાનું ચરિત્ર આદર્શ એમાં કાંઇ પણ સન્દેહ નહિ. સીતાનું ચરિત્ર ભારતના ઇતિહાસમાં એક ઉજ્વલ મણી તેથી એ ચિત્ર પ્રત્યેક રમણીના હૃદયમાં અંકિત થઇ રહેવું પરમાવશ્યકીય છે.

**સૌ. નંદકુંવર.**

---

# साहित्य सत्कार.

**બુદ્ધિપ્રકાશ** પુ. ૧૨ માર્ચનો અંક ત્રીજો. પ્રકાશક ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી અમદાવાદ. લાંબા વખતથી ગુજરાતની અનન્ય સેવા બજાવતું આ માસિક અમોને નિયમિત રીતે મળે છે. શ્રીયુત ગોખલેનું ટુંક જીવનચરિત્ર તથા સેવા ધર્મ, ગુપ્તકાળની હિંદુસ્તાનની આર્થિક સ્થિતિ તથા હૈશકલીઝનાં કષ્ટો આદિ લેખો ધ્યાન ખેંચે છે,

**સાહિત્યઃ**—નામ પ્રમાણેજ કામ કરી બતાવતું–અતિ ટુંક સમયમાં સર્વત્ર પોતાના કર્તવ્યથી જાણીતું ને પ્રિય થઇ પડેલું આ માસિક ગુજરાતની સેવા નિયમિતપણે બજાવી રહ્યું છે. તેના નિયમિતપણા માટે અમો તેના ચાલાક મી. મગનલાલ કાંટાવાળાને ધન્યવાદ આપીએ છીએ. ગરીબ બાપકો ગ્રેજ્યુએટ નામનો લેખ હાસ્ય સાથે ઘણા વિચાર ઉપજાવે છે. હિંદી પ્રજાની શ્રેષ્ઠતા–ચાર્લોટીઆંટી તથા જીવનના ગત સમયનાં પુનરાવર્તન એ લેખો ખાસ વાંચવા જેવા છે. હમ તેની ફતેહ ઇચ્છીએ છીએ.

**ધન્વંતરી**—માર્ચ ૧૯૧૫ અંક ૩ પ્રકાશક ભોગીલાલ ત્રી. વકીલ. વિસનગર, ઉપયોગી વૈદ્યક વિષયો ચર્ચતું આ માસિક ગુજરાતની ઠીક સેવા બજાવે છે. પેટંટ દવાઓનાં બોપાળાં હમણાં તેણે ઠીક પ્રકટ કરવા માંડયાં છે. અન્ય લખાણો પણ ઉપયોગી છે.

**ભાગ્યોદય**—એપ્રીલ ૧૯૧૫ નો અંક બીજો. પ્રકાશકઃ રા. જેઠાલાલ દે. દવે. અમદાવાદ. હમણાં આ માસિકે ઠીક વધારો કર્યો છે. ચિત્રો પણ આપવાં શરૂ કર્યાં છે. તેમજ વિષયો પણ ઉપયોગી ચર્ચે છે. અમે તેનું દીર્ઘાયુ ઇચ્છીએ છીએ.

**જીજ્ઞાસુ**—ચૈત્ર ૧૯૭૧ અંક ૬ ઠ્ઠો. તંત્રી પ્રાણજીવન ઓધવજી ઠકર-ભાવનગર. થીઓસોફીકલ સોસાઈટી હમણાં જે વાચન ને શિક્ષણ આપી રહ્યું છે તેમાં આ માસિક ઠીક મદદ કરે છે. વિષયો સામાજીક અને ઉપયોગી આપે છે.

**દિગંબર જૈન**—સંપાદક મુલચંદ કીસનદાસ કાપડીઆ સુરત. વીર સં. ૨૪૪૧ ચૈત્ર. ગયા આઠ વર્ષથી કોમની સેવા બજાવતું આ માસિક મહાવીર જયંતીથી પોતાનું પ્રથમ પૃષ્ઠ શરૂ કરે છે. વિનાકારણ કેદમાં પીડાતા અર્જુનલાલ શેઠી માટે નમ્રતાપૂર્વક અરજ તથા મ્હારી દુઃખી જીંદગીનો હૃદયભેદક ચિતાર તથા વીર ભગવાનને અરજી આદિ લેખો અભિનન્દનીય છે.

# बॉर्डींग प्रकरण.

**ભાષણ:**—રા. રા. પોપટલાલ સુખલાલ વઢવાણ નિવાસી બી. એ.એ બૉર્ડીંગમાં પધારી એક કલાક સુધી સ્ટુડન્ટોને Physical well being શારીરિક સૌંદર્યતા વિષે ઇંગ્લીશમાં સુંદર અને છટાદાર ભાષણ આપ્યું હતું, અને Physical well being, એ Proper breathing, Proper drinking, Proper eating and proper regulating of activities એટલે યોગ્ય શ્વાસ લેવાથી, યોગ્ય પાન કરવાથી, યોગ્ય ખાવાથી અને યોગ્ય નિયમસર ચપળતાથી ખીલી શકે છે તે આબેહુબ રીતે સમજાવ્યું હતું: તથા શુદ્ધ શાન્ત ચિત્તે એકાગ્રપણે **शिवमस्तु सर्व जगत** નું ઉદાત્તસ્વર ગાઇ બતાવ્યું હતું. મી. પોપટલાલ ગૃહસ્થના લેબાશમાં એક પ્રાયઃ સાધુજીવન વ્યતિત કરે છે. તેઓની પરમાર્થપરાયણતા અને સાદાઇ અનુપમ છે. દરેક કેળવાયલા બંધુઓએ તેમના જીવનના ઉદાત્ત આશયમાંથી ધડો લેવા જેવું છે. પોતે જ્ઞાનવંત છતાં, યુવાન છતાં કેવળ નિરાભિમાની અને સાત્વિક વૃત્તિના પોષક અને કેવળ સાદા છે. ખરેખર તેઓ જો પોતાનું આવું વર્તન સદા કાયમ રાખશે તો તેઓ ભવિષ્યમાં એક મહાપુરૂષની કોટીમાં ગણાશે એટલુંજ નહિ પરંતુ વિશ્વમાં ઘણોજ ઉપકાર કરી શકશે.

આ સિવાય રા. રા. મણીલાલ મોહનલાલ પાદરાકર કે જેઓ આ બોર્ડીંગના લાભાર્થે નીકળતા બુદ્ધિપ્રભા માસિકના સંપાદક છે તેમણે બોર્ડીંગના વિદ્યાર્થીઓને એક કલાક સુધી Divine love પવિત્ર પ્રેમ વિષે ભાષણ આપ્યું હતું જેની રૂપરેખા આ નીચે દોરી છે.

**શ્રીયુત્ પાદરાકરનું (Divine Love) સ્વર્ગીય પ્રેમ ઉપર વ્યાખ્યાન:-** ગઇ તા. ૧૩-૪-૧૫ મંગળવારને રોજ રાત્રે અત્રેની શ્રી. જૈન શ્વે. મૂ. બોર્ડીંગના મકાનમાં વિદ્યાર્થીઓનો એક મેલાવડો ભરવામાં આવ્યો હતો.

શરૂઆતમાં મુંબાઇવાળા મી. દામોદરદાસ દુર્લભજી બધેકાએ એક સુંદર કાવ્ય ગાઇ શ્રોતાઓને આનંદ આપ્યા બાદ શ્રીયુત્ પાદરાકરે પોતાનું વ્યાખ્યાન શરૂ કર્યું હતું. તેમનો વિષય-Divine Love યાને સ્વર્ગિય પ્રેમ એ હતો. તેમણે પ્રથમ સ્થૂલ પ્રેમ ઉપર વિવેચન કરી બતાવ્યા બાદ સત્ય-શુદ્ધ પ્રેમ, તેના પ્રકાર, તેનો આવિર્ભાવ, તે પ્રાપ્ત કરવાના ને નીભાવવાના રસ્તા, સ્થૂલ પ્રેમ અને સૂક્ષ્મ પ્રેમની તૂલના, પ્રેમ માટે કરાયલા ને કરાતા પ્રાણાર્પણ,

આદિ વિષયો ઘણીજ સુંદર અને સુલલિત ભાષામાં ચર્ચ્યાં બાદ સ્વર્ગીય પ્રેમ કે જે પ્રેમીને પરમાત્માના ચરણકમળ પાસે દોરી જાય તેને યાવતમુક્તિ અપાવી શકે છે તેવા પ્રેમને છટાદાર રીતે કહી બતાવ્યો હતો. બાદ બોર્ડીંગ તરફથી તેમનો ઉપકાર માન્યા બાદ મેલાવડો બરખાસ્ત કરવામાં આવ્યો હતો.

## બક્ષીશ ખાતે.

૧૯–૧૨–૦ રા. રા. તલકશી હડી હ. વેલજી ટંકજી. મુ. વઢવાણ સીટી.

૨૫—૦–૦ બાઇ રૂપાળી શા. પ્રેમચંદ રવચંદની દીકરી, હ. વાડીલાલ છગનલાલ રવચંદ. અમદાવાદ ધાંચીની પોળ.

## માસિક મદદ ખાતે.

૨૦—૦–૦ રા. રા. શેઠ કાળીદાસ ઉમાભાઈ બા. સને ૧૯૧૪ ના જુલાઇથી તે માસ ડીસેમ્બર સુધી માસ છના તથા સને ૧૯૧૫ ના માસ જાનેવારીથી તે એપ્રીલ સુધીની મદદના માસ ચાર. કુલ માસ દશના માસિક રૂપીઆ બે લેખે હ. તેમના સુપુત્રો. અમદાવાદ ટંકશાળ.

૧૦—૦–૦ રા. રા. શ્રીયુત શેઠ જગાભાઇ દલપતભાઇ ભગુભાઇ બી. એ. બા. માસ માર્ચ તથા એપ્રીલના બે માસના.

## ખર્ચ ખાતે.

૧૮–૧૪–૩ બોર્ડીંગના વિદ્યાર્થી ચંદુલાલ મયાચંદ બા. બોર્ડીંગમાં રહી બી. એ. ની પરીક્ષા પસાર કરી તેની ખુશાલીમાં બોર્ડીંગના વિદ્યાર્થીઓને ટીરટ આપી તેના
૯૩–૧૦–૩ ખરચના આપ્યા તે. રાધનપુર.

**મીટીંગ:**—બોર્ડીંગના વિદ્યાર્થી ચંદુલાલ મયાચંદ બી. એ. ની પરીક્ષામાં પાસ થયા તેમની ખુશાલીમાં બોર્ડીંગના સર્વે વિદ્યાર્થીઓએ એકત્ર મળી પોતાની લાગણી પ્રદર્શિતભુત તેમજ મી. ચંદુલાલને બોર્ડીંગને હમેશની યાદગીરીભુત એક માનપત્ર રા. રા. શેઠ લલ્લુભાઇ રાયચંદના સુહસ્તે એનાયત કરવામાં આવ્યું હતું. બોર્ડીંગના વિદ્યાર્થીવર્ગ તરફથી મી. મગનલાલ માધવજી મ્હેતાએ મી. ચંદુલાલની બોર્ડીંગ પ્રત્યે માયાળુ વર્તણુક તથા તેમનો અર્હત ભક્તિ પ્રત્યેનો અવર્ણનીય પ્રેમ, અભ્યાસશીલ જીવન વિષે કેટલુંક વિવેચન કર્યું હતું. ત્યારબાદ બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડન્ટે મી. ચંદુલાલની દરેક પ્રકારે ફતેહ ઇચ્છી હતી અને બોર્ડીંગના અન્ય વિદ્યાર્થીઓને ભવિષ્યનું તેમનું જીવન આદરણીય થાય એવું ઇચ્છી પ્રમુખનો ઉપકાર માની મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

**બોર્ડીંગના માસિક મદદગારોને અપીલ:**—સર્વે બોર્ડીંગના હિતેચ્છુ બંધુઓને આ સ્થળે નિવેદન કરવાની રજા લેઇએ છીએ કે જે જે બંધુઓએ ગતવર્ષમાં બોર્ડીંગને જે જે માસિક મદદના રૂપમાં મદદ આપી હતી તે આ વર્ષે પણ ચાલુ રાખવાને વિજ્ઞપ્તિ કરીએ છીએ. હાલ યુરોપમાં ચાલતા મહાન યુદ્ધના લીધે વેપારો ઉપર તેની ઘણી અસર થઇ છે અને કેટલાક ધંધાઓ તો કેવળ અત્યારે રળતર વિનાના થઈ ગયા છે તેવા પ્રસંગે બોર્ડીંગને પણ મદદમાં ઓછાશ થાય એ સ્પષ્ટ વાત છે. આવા સમયે અમારી કોમના નાયકોએ, નેતાઓએ, શુભેચ્છકોએ, કેળવણીના હિમાયતીઓએ આવી સંસ્થાઓ તરફ જોવું, તેને દરેક પ્રકારે ઘટતી મદદ કરવી, અને પોતાના સ્વામી બંધુઓના લાભાર્થે પ્રયત્ન કરવો એ બહુજ જરૂરનો છે. અમો આશા રાખીએ છીએ કે જે જે બંધુઓ, ગત વર્ષમાં બોર્ડીંગને માસિક મદદના રૂપમાં મદદ આપતા હતા તેઓ સાહેબો પોતાની મદદો ચાલુ રાખી અને અન્ય સદ્‌ગૃહસ્થો મદદ કરી આભારી કરશે એવું ઇચ્છીએ છીએ.

# જાહેર ખબર.

## ઈડરગઢના શ્રીબાવન જીનાલયના દેરાસરના
## જીર્ણોદ્ધાર માટે વિનંતિ.

સર્વે જૈન બંધુઓને ખબર આપવામાં આવે છે જે **ઈડરગઢ** ઉપર આપણું એક **બાવન જીનાલયનું દેરાસર** છે તથા મૂળ નાયકજી શ્રી શાન્તીનાથજી છે. આ બાવન જીનાલયવાળું દેરાસર વિક્રમ સંવત પહેલાનું બંધાવેલ છે એટલે તે બે અઢી હજાર વર્ષ ઉપર બંધાએલું પુરાણું તીર્થ છે એમ સંભળાય છે. ત્યાર પછી પરમ આર્હત્ રાજા કુમારપાળે તથા શ્રી સોમસુંદર સૂરિ મહારાજના વખતમાં સંવત ૧૪૭૮ ના સુમારે ઈડરના રહીશ શેઠ ગોવીંદજી શેઠે તે દહેરાનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. તે હાલમાં આતશય જીર્ણ તથા ખંડીત સ્થિતિમાં આવી ગયેલું હોવાથી તેનો ઉદ્ધાર કરવાનું કામ મુંબઇનિવાસી ગૃહસ્થોના શ્રમથી ગઈ સાલથી ચાલુ થયું છે.

જીર્ણોદ્ધારના કામ માટે રૂ. ૧૯૦૦૦) મુંબઈ શહેરમાંથી તથા રૂા. ૬૦૦૦) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી મળી કુલ રૂા. ૨૫૦૦૦) ટીપમાં ભરાએલા તે તમામ દેરાસરના સમાર કામમાં આજ સુધીમાં ખરચાઈ ચુકેલા છે અને હજુ ઘણું કામ બાકી છે તે ચોમાસા પહેલાં પુરૂં કરવાની ખાસ જરૂર છે. તેમ ન થાય તો આજ સુધીમાં થયેલ તમામ ખર્ચ બરબાદ જશે. અધુરૂં કામ પુરું કરવાને હજુ ઓછામાં ઓછા રૂા. ૨૫૦૦૦)ની જરૂર છે. તેથી સર્વે જૈન ભાઇઓને વિનંતિ કરીએ છીએ કે આવા પુણ્યના કામમાં આપ આપનો ઉદાર હાથ યથાશક્તિ લંબાવશો. આપ જાણો છો કે નવા દેરાસર બંધાવવા કરતાં જુનાના ઉદ્ધારમાં આઠગણો વધારે લાભ સમાયેલો છે અને આ દાખલામાં તો જુના તીર્થનો ઉદ્ધાર કરવાનો છે. એટલે તેમાં તો અનંત પુણ્ય શાસ્ત્રકારોએ કહેલું છે.

મજકુર દેરાસરના સમારકામમાં જે સદ્‌ગૃહસ્થ રૂા. ૩૦૧ તથા રૂા. ૫૦૧ ની રકમ **ભરશે** તેમના મુબારક નામની આરસની તખ્તી અનુક્રમે મોટી તથા નાની દેરડી ઉપર લગાડી આપવામાં આવશે. માટે જે જૈન ભાઇઓ અગર બહેનોને પોતા અથવા પોતાના વડીલોનાં નામ આવા પુણ્યના કામમાં મદદ કરી અમર કરવાની જીજ્ઞાસા હોય તેમણે તેમનાં મુબારક નામ તથા ભરવા ધારેલી રકમ **શેઠ મણીભાઇ ગોકલભાઈ મુલચંદ** ઠેકાણું **ચંપાગલી મુંબઇ** એ શીરનામે મોકલી આપવા મહેરબાની કરવી.

**ઇડરગઢ** મહીકાંઠા એજન્સીમાં આવેલું છે. અને પ્રાંતીજ રેલવેના ઇડર સ્ટેશને ઉતરી ત્યાં જવાય છે. ઉતરવા માટે ધર્મશાળા વીગેરેની સારી સગવડ છે. વળી **શ્રી પુશીનાથજીનું** મોટું અને પુરાણું તીર્થ પણ નજદીકમાં આવેલું છે, કે જે તીર્થની યાત્રાનો લાભ પણ તે રસ્તેથી લઇ શકાય છે.

**ઈડરગઢના** દેરાસરના જીર્ણોદ્ધારનું કામ નીચે લખેલા સદ્‌ગૃહસ્થોની દેખરેખ નીચે ચાલે છે.

**શેઠ મણીભાઈ ગોકલભાઈ મુળચંદ.** **શેઠ કલ્યાણચંદ શોભાગચંદ.**
**શેઠ નગીનભાઇ મંછુભાઇ.** **શેઠ નેમચંદ માણેકચંદ કપુરચંદ.**
**શેઠ દલસુખભાઈ વાડીલાલ વીરચંદ.**

**તા. ક.** શેઠ આણંદજી કલ્યાણજીને ફરી વિનંતિ કરતાં તેઓએ ઉપર જણાવેલી રકમ ઉપરાંત રૂ. ૩૦૦૦)ની રકમ મંજુર કરી છે તા. ૬-૫-૧૯૧૫.

વેચાણ માટે બહુજ થોડી નકલો છે, માટે જલ્દી મંગાવી લ્યો.

# कुमारपाल चरित्र. (हिंदी).

(कर्त्ता मुनिश्री ललित विजयजी.)

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય અને રાજર્ષિ કુમારપાલના સમયે જૈનોની કેવી ઉત્તમ સ્થિતિ હતી તે જાણવું હોય અને આગામી ભવિષ્ય સુધારવું હોય તો આ ચરિત્ર જરૂર વાંચો. તમને ઘણું જાણવાનું અને વિચારવાનું મળશે. ગ્રન્થ હિંદી ભાષામાં છે છતાં સરલ અને રસિક છે. પૃષ્ઠ ૨૮૭ નિર્ણયસાગર પ્રેસની સુંદર છપાઈ, મજબૂત પાકું પૂઠું, ઉંચા કાગળ અને શ્રીમદ્ વિજયાનંદસૂરિના ફોટા સાથે ગ્રન્થ વિશેષ અલંકૃત થયેલો છે, છતાં કિમ્મત માત્ર રૂ. ૦–૬–૦ પોષ્ટેજ જુદું. (૦–૨–૦)

**ભેટ**–બુકો ખપી જવાથી ભેટ આપવી બંધ કરી છે.

બુદ્ધિપ્રભા ઑફીસ, નાગોરીશરાહ–અમદાવાદ.

---

## શ્રીમદ્ દેવચંદ્રજી કૃત ચોવીશી ગ્રંથ ભેટ આપવાનો છે.

વીજાપુરનિવાસી શા. મુળચંદ સ્વરૂપચંદના વીલમાં સંકલ્પેલી રકમમાંથી તેમના ટ્રસ્ટીઓની આજ્ઞાનુસાર છપાવેલ શ્રીમદ્ દેવચંદ્રજીકૃત ચોવીશી, (ટબાસહ) વીશી, ગતચોવીશી તથા ધ્યાનદીપીકાનો ગ્રંથ રોયલ બત્રીસ પેજી ગુટકા આકારે પૃષ્ઠ ૬૨૫ પાકી બાંધણી સળંગ છીંટનું પૂઠું ઍમ્બોઝ સાથે ભેટ આપવાનો છે. મુની મહારાજાઓએ પત્ર લખી મંગાવી લેવા અને જૈન પુસ્તકાલયો તથા જ્ઞાનભંડારો માટે પોષ્ટ ખર્ચના રૂ. ૦–૧–૬ મોકલી તથા જૈન ગૃહસ્થોએ પોષ્ટેજનો રૂ. ૦–૧–૬ તથા નામની કીંમતના જ્ઞાન ખાતે લેવાના ૦–૨–૦ મળી કુલ રૂ. ૦–૩–૬ મોકલી નીચે સહી કરનાર પાસેથી મંગાવી લેવા વિનંતી છે. વેલ્યુપેબલથી મંગાવનારને તે પ્રમાણે મોકલવામાં આવશે.

વકીલ મોહનલાલ હીમચંદ. પાદરા–(ગુજરાત).

---

## આખરે વિજય મળ્યો.

હીસ્ટીરીઆ (તાણ) ના દરદને કોણ જાણતું નથી ?

હીસ્ટીરીઆ નાની ઉંમરની સ્ત્રીઓને ઘણો લાગુ પડે છે. હીસ્ટીરીઆના દરદનાં મૂળ કારણ શોધી કાઢી તેના ઉપાયો ઘણા દરદીઓ ઉપર અજમાવી અમે ખાત્રી કરી છે કે હીસ્ટીરીઆનું દરદ પુરી રીતે મટી શકે છે. હીસ્ટીરીઆ ભૂત નથી.

હીસ્ટીરીઆના દરદ ઉપર બીજા ઉપાયો અજમાવ્યા પહેલાં અમારી સલાહ લ્યો.

હીસ્ટીરીઆનું દરદ અમે ખાત્રીપૂર્વક ગેરંટીથી મટાડીએ છીએ. વિશેષ હકીકતનો ખુલાસો રૂબરૂ યા પત્ર મારફતે કરો.

લી. શા. વાડીલાલ ડાહ્યાભાઈ.

અમદાવાદ. (ઝવેરીવાડ.)

સુરજમલનું ડહેલું, આયુર્વેદ સિદ્ધૌષધાલય.

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળાના-પ્રગટ થયેલ ગ્રન્થો.

| ગ્રન્થાંક. | પૃષ્ઠ. | કીં. રૂ. આ. પા. |
|---|---|---|
| ૦. ભજન સંગ્રહ ભાગ ૧ લો ... | ... ૨૦૮ ... ... | ... ૦—૮—૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યાન માળા ... | ... ૨૦૬ ... ... | ... ૦—૪—૦ |
| ૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો ... | ... ૩૩૬ ... ... | ... ૦—૮—૦ |
| ૩. ભજન સંગ્રહ ભાગ ૩ જો ... | ... ૨૧૫ ... ... | ... ૦—૮—૦ |
| ૪. સમાધિશતકમ્* ... ... | ... ૩૪૦ ... ... | ... ૦—૯—૦ |
| ૫. અનુભવપચ્ચિશીx ... ... | ... ૨૪૮ ... ... | ... ૦—૮—૦ |
| ૬. આત્મ પ્રદીપ ... ... | ... ૩૧૫ ... ... | ... ૦—૮—૦ |
| ૭. ભજન સંગ્રહ ભાગ ૪ થો ... | ... ૩૦૪ ... ... | ... ૦—૮—૦ |
| ૮. પરમાત્મદર્શન ... ... | ... ૪૩૨ ... ... | ... ૦—૧૨—૦ |
| ૯. પરમાત્મજ્યોતિ ... ... | ... ૫૦૦ ... ... | ... ૦—૧૨—૦ |
| ૧૦. તત્ત્વબિંદુ ... ... | ... ૨૩૦ ... ... | ... ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ (આવૃત્તિ બીજી) ... | ... ૨૪ ... ... | ... ૦—૧—૦ |
| ૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદીપિકા ... ... | ... ૧૯૦ ... ... | ... ૦—૬—૦ |
| ૧૪; તીર્થયાત્રાનું વિમાન (આવૃત્તિ બીજી) ... | ૬૪ ... ... | ... ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ ... | ... ૧૯૦ ... ... | ... ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ ... ... | ... ૧૭૨ ... ... | ... ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદીપિકા* ... ... | ... ૧૨૪ ... ... | ... ૦—૬—૦ |
| ૧૮. ગહુંલી સંગ્રહ ... ... | ... ૧૧૨ ... ... | ... ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી. )* ... | ... ૪૦ ... ... | ... ૦—૧—૦ |
| ૨૦. ,, ,, ભાગ ૨જો (આવૃત્તિ ત્રીજી) | ... ૪૦ ... ... | ... ૦—૧—૦ |
| ૨૧. ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો... | ... ૧૦૮ .... ... | ... ૦—૧૨—૦ |
| ૨૨. વચનામૃત ... ... | ... ૩૮૮ ... ... | ... ૦—૧૪—૦ |
| ૨૩. યોગદીપક ... ... | ... ૨૬૮ ... ... | ... ૦—૧૪—૦ |
| ૨૪. જૈન ઐતિહાસિક રાસમાળા... | ... ૪૦૮ ... ... | ... ૧—૦—૦ |
| ૨૫. અધ્યાત્મશાન્તિ ( આવૃત્તિ બીજી ) | ... ૧૩૨ ... ... | ... ૦—૩—૦ |
| ૨૬. આનન્દઘન પદસંગ્રહ ભાવાર્થ | ... ૮૦૮ ... ... | ... ૨—૦—૦ |
| ૨૭. કાવ્યસંગ્રહ ભાગ ૭ મો ... | ... ૧૪૨ ... ... | ... ૦—૮—૦ |
| ૨૮. જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ | ૯૬ ... ... | ... ૦—૨—૦ |
| ૦. કુમારપાળ ચરિત્ર ... ... | ... ૨૮૭ ... ... | ... ૦—૬—૦ |

*આ નીશાની વાળા ગ્રન્થો શીલક નથી.

## ગ્રન્થો નીચલા સ્થળોથી વેચાણ મળશે.

૧. અમદાવાદ—બુદ્ધિપ્રભા ઑફીસ—ઠે. નાગોરીશરાહ.

૨. મુંબાઇ—મેસર્સ મેઘજી હીરજીની કું.—ઠે. પાયધુણી.

,, શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ—ઠે. ચંપાગલી.

૩. પુના—શેઠ વીરચંદ કૃષ્ણાજી—ઠે. વૈતાલપેંઠ.

જૈન પ્રજા માટે એક નિર્ભય અને ભરૂસાપાત્ર ઠેકાણું !




## કે જ્યાં અગાડી



અપટુડેટ ફેશનના

## સોનાના! મસીન પૉલીસ દાગીનાઓ

### ની સેંકડો ફેશનોનો મોટો જથ્થો તૈયાર રહે છે !

અને નિર્ભય રીતે તદ્દનજ ચોખ્ખું અને સફાઈબંધ ફેન્સી કામ ઘરાકોના સોનાનું કીફાયત મજુરીથી અને ઘણીજ ઝડપથી વાયદેસર બનાવી આપવામાં આવે છે.

તૈયાર દાગીનાઓની **મજુરી કાપી** નાણાં પાછાં આપવાની **લખીત ગેરંટી** મળે છે.

ઈંગ્લીશ જ્વેલરી, રોલ્ડગોલ્ડ જ્વેલરી, અને ચાંદીની સેંકડો ફેશનેબલ ચીજોનો જંગી સ્ટોક તૈયાર રહે છે. ખાસ વિલાયતથી આવેલા બીલીયાન કટના હીરાઓ, માણેક, પાના, વિગેરે ઝવેરાતનું કામ ઘરાકો અને વહેપારીઓનું સગવડ પડતી રીતે કરીએ છીએ.

## રૉયલ જ્વેલરી માર્ટ.

**પ્રોપ્રાયટર—ઝવેરી મુળચંદ આશારામ વૈરાટી.**

૪૫૬ રીચીરોડ—**અમદાવાદ.**

# ગોદરેજની તીજોરી અને મોતી.

## ગોદરેજની તીજોરીના સંબંધમાં ઝવેરીઓ

વારે વારે એવો સવાલ ઉઠાવે છે કે એ તીજોરીઓમાં આગની વખતે કાગળ બળતા નથી એ ખરૂં છે છતાં તીજોરીની અંદર મેલેલાં મોતીનું આબ ઉડી જાય કે નહિ.

ગયા નવેમ્બરમાં ગીરગામ બૅકરોડ ઉપર શેઠ લાલજી દયાલના મકાનમાં મોટી આગ થઇ તે ઘરમાં શેઠ ગોરધનદાસ પટેલની માલીકીની એક તીજોરી **ગોદરેજની** બનાવેલી હતી અને તેમાં કાગળો ઉપરાંત મોતીની એક પોટલી હતી તે મોતીની હાલત આગ પછી કેવી હતી તે શેઠ ગોરધનદાસે **ગોદરેજ** ઉપર લખેલા નીચલા કાગળ ઉપરથી સમજી શકાશેઃ—

## મેસર્સ ગોદરેજ અને બાઇસ જોગ-

થોડા દહાડા ઉપર ગીરગામ બૅકરોડના મારા ઘરમાં આગ લાગી તે વખતે મારા વપરાશમાં તમારી એક તીજોરી હતી. મારી રહેવાની જગ્યામાં સઘળું બળીને રાખ થઈ ગયું હતું અને જ્યાં આગ બહુ જોરમાં થઈ ત્યાં તમારી તીજોરી હતી. તીજોરીમાં કરન્સી નોટો અને ખતપત્તરો ઉપરાંત સોનાના દાગીના હતા અને થોડાંક છુટાં મોતીની એક પોટલી હતી. **તીજોરી ગોદરેજની બનાવેલી એટલે સઉની ખાત્રી હતી કે કાગળો જરૂર સલામત રહેશે પણ મોતીની હાલત સારી રહેશે કે નહિ તે માટે કેટલાકોને શક હતો. તીજોરી ખોલતાં હાજર રહેલાઓની અજાયબી વચ્ચે કાગળો તેમજ મોતી સંપૂર્ણ સારી હાલતમાં મળી આવ્યાં હતાં અને મોતીના આબને જરાએ ઈજા થઈ હતી નહિ.**

તા. ૨૮-૧૧-૧૪.

લી॰ સેવક,

**ગોરધનદાસ વી. પટેલ.**

**કારખાનુંઃ-ગેસ કંપની પાસે, પરેલ મુંબઈ.**

**શાખાઃ-રીચીરોડ—અમદાવાદ.**